ISSN 0976 – 9809 V-Vidyanagar

વર્ષ: ૧૭ અંક: ૩ માર્ચ ૨૦૧૫ સળંગ અંક : ૫૨૧

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर
कर्मण्येवाधिकारस्ते।

**Charutar Vidya Mandal**
**Vallabh Vidyanagar**



ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદે સતત આઠમી મુદત માટે ડૉ.સી.એલ.પટેલના જ્વલંત વિજયની જાહેરાત સાથે જ આણંદના સંસદસભ્ય શ્રી દિલીપભાઈ પટેલ અને સ.પ.યુનિવર્સિટીમાં સરકારનિયુક્ત સિન્ડિકેટ સભ્ય શ્રી રાજેશ પટેલે અભિનંદનવર્ષા સાથે હરખ કર્યો હતો. (ઈન્સેટમાં) બીએપીએસના સંતોએ ડૉ.પટેલના નિવાસસ્થાને પધારીને સીવીએમના અધ્યક્ષ અને તેમના અમેરિકાનિવાસી પુત્ર શ્રી વ્રજેશ પટેલને આશીર્વાદ આપ્યા હતા.



ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષની રસાકસીભરી ચૂંટણીમાં ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ ભારે બહુમતીથી વધુ ત્રણ વર્ષની મુદત માટે ચૂંટાઈ આવ્યા પછી ઉપસ્થિત સમર્થકોને તેમણે સંબોધન કર્યું હતું. તેમની સાથે ચૂંટણીપ્રભારી પ્રિ.એસ.એમ.પટેલ, વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ(બાબાભાઈ), આણંદ નગરપાલિકાના પ્રમુખ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ(ભયલુભાઈ), ચરોતર એજ્યુકેશન સોસાયટીના ચેરમેન શ્રી નીરવભાઈ પટેલ છે. (ઈન્સેટમાં) સીવીએમના નવનિર્વાચિત અધ્યક્ષ ડૉ.પટેલને અભિનંદન આપતા પરાજિત ઉમેદવાર શ્રી કે.જી.પટેલ.




**તંત્રી**

હરિ દેસાઇ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા

**પ્રકાશક**

પ્રિ.એસ.એમ. પટેલ

માનદમંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ ગામડી


# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન


માર્ચ ૨૦૧૫

વર્ષ: ૧૭ અંક: ૩

(સળંગ અંક: ૫૨૧)

**ISSN 0976-9809-V Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫


*कर्मण्येवाऽधिकारस्ते*


**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ

પ્રિ.આર.સી.દેસાઇ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની

વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના

વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચારકણિકા**

દેવું, દુશ્મન અને રોગને તો મૂળસહિત ઊખેડી ફેંકવા.

**- ચાણક્યનીતિ**


# વિ-વિદ્યાનગર
## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

માર્ચ ૨૦૧૫

વર્ષઃ ૧૭ અંકઃ ૩

(સળંગ અંકઃ ૫૨૧)

**ISSN 0976-9809-V Vidyanagar**


**न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।**
**तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥**

નથી જ જ્ઞાનના જેવું પવિત્ર જગમાં કંઈ,
સિદ્ધયોગી, યથાકાળે, જાણે તે આત્મમાં સ્વયં.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાઃ૪ઃ૩૮


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ પ્રજાસત્તાક દેશની ચૂંટણી અને પ્રજાને અપાતાં વચનો • ડૉ.સી.એલ. પટેલ

॥ પ્રાથમ્ય ॥ શિક્ષણમાં અપેક્ષિત પરિવર્તન • રાજેન્દ્રસિંહ જાડેજા / 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ (પદ્ય વિભાગ) • / 2

॥ આપણો વારસો અને વૈભવ ॥ (ગદ્ય વિભાગ) બેસતું વર્ષ ગૂડીપડવો • કાકાસાહેબ કાલેલકર / 3

॥ નવાં કાવ્યો ॥ • નરેન્દ્ર વૈષ્ણવ'પશ્મિલ', આબિદ ભટ્ટ, રમેશ આચાર્ય, પરાજિત ડાભી / 5

॥ અભ્યાસ ॥ लोहपुरुषावदानम्: લોહપુરુષની કીર્તિગાથા • કાન્તિલાલ રા. દવે / 6

॥ વિશેષ ॥ ગાંધીજીના જીવનનો સંભવતઃ છેલ્લો સત્તાવાર ઈન્ટરવ્યુ • ઉર્વિશ કોઠારી / 9

॥ ઓચ્છવ ॥ ઉડાન-૨૦૧૫ઃ યુવકમહોત્સવ • કૃષ્ણ પડિયા / 11

॥ महोत्सव ॥ सीवीएम राष्ट्रीय कला प्रदर्शनी-२०१५ • रोशन चौबीसा / 13

॥ રમન્તે તત્ર દેવતા ॥ સ્મૃતિ એટલે સ્મરણ • પારુલટીના દોશી / 14

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ Application of Microbes in Environmental Monitoring • Yogesh Patel / 18

॥ આરોગ્ય ॥ તાંબુલભક્ષણ • અભિષેક વાય. પાટલીયા / 23

॥ સંસ્થાવૃત ॥ ચારુતરવિદ્યામંડળના અધ્યક્ષપદે ડૉ.સી.એલ. પટેલનો વિજય / 26

॥ વિદ્યાવૃત્ત ॥ / 28

# પ્રજાસત્તાક દેશની ચૂંટણી અને પ્રજાને અપાતાં વચનો

**ડૉ.સી.એલ. પટેલ**

કોઇ પણ પ્રજાસત્તાક દેશની સામાન્ય ચૂંટણી હોય કે રાજ્યસ્તરની ચૂંટણી હોય, દરેક રાજકીય પક્ષ તેના ચૂંટણી ઢંઢેરામાં દેશના કે રાજ્યના વિકાસમાં જે તે પક્ષનો શો દૃષ્ટિકોણ છે અને એ વિઝન કઇ રીતે પાર પાડી શકશે, એને બદલે મતદારોને મત માટે આકર્ષવા માટે ઘણાં બધાં વચનો આપે છે. આવાં પ્રલોભનથી મત મેળવવાનું એક મોટું ષડ્યંત્ર રચાય છે, એ કોઇ પણ વિકાસ પામી રહેલા દેશ માટે અયોગ્ય અને અનિચ્છનીય છે. કોઇપણ વચન આપતાં પહેલાં જે તે પક્ષે જે વચન આપવામાં આવે છે તે કેટલે અંશે સફળતા પામશે તેના પૂરેપૂરા આંકડા, નાણાં ક્યાંથી આવશે, કઇ રીતે આવશે અને કયાં, કઇ રીતે વપરાશે તેની પૂરેપૂરી માહિતી આપવી ઘટે.

છેલ્લાં ૬૫ વર્ષના આ દેશના ઇતિહાસનાં પાનાં ફેરવતાં જઇએ તો દરેક રાજકીય પક્ષે તેના ચૂંટણી ઢંઢેરામાં એવાં લોભામણાં વચનો આપ્યાં છે જે તેઓ ક્યારેય પૂરાં કરી શક્યા નથી. આ સાથે મને એ વાતની નોંધ લેવાનું મન થાય છે કે સરદાર વલ્લભભાઇ પટેલે પોતાની કુનેહથી ૫૬૨ જેટલાં રજવાડાંને સમજાવટથી ભારતના સાર્વભૌમત્વ દેશના કાર્યક્ષેત્રમાં જોડાઇ જવા માટે સમજાવ્યાં હતાં. તેની સામે ટોકન સાલિયાણું નક્કી કર્યું હતું, જે તે વખતની કૉંગ્રેસ સરકારે માન્ય રાખ્યું હતું અને બંધારણ સભાએ એની બંધારણમાં જોગવાઇ પણ કરી હતી. દેશી રજવાડાંને જે વચન આપવામાં આવ્યું હતું તેનો સરેઆમ ભંગ આ જ પક્ષની સરકારે કર્યો હતો. પહેલાં તો ૫૬૨ જેટલાં દેશી રજવાડાં વંશપરંપરાગત પોતાની માલિકી ભોગવટાનો ઉપભોગ કરતાં આવ્યાં હતાં. ભારત સાથે તેઓએ જોડાવાની સંમતિ આપી હતી ત્યારે ટોકન સાલિયાણાથી તેઓએ સ્વેચ્છા પોતાનો એ હક છોડી દીધો હતો, પરંતુ આજે તો હજારો સાંસદો અને ધારાસભ્યો એક વખત ચૂંટાઇ આવે ત્યારબાદ જીવે ત્યાં સુધી નક્કી કરેલાં સાલિયાણાં મેળવતાં રહ્યાં છે. આ રકમની સરખામણી ૫૬૨ જેટલાં રજવાડાંઓએ આપેલા ભોગની સાથે કરીએ તો શરમજનક સ્થિતિ અનુભવવી પડે. અત્યારના સેવા સાટે મેવા મેળવતા જનપ્રતિનિધિઓનાં સાલિયાણાં તરીકે ચુકવણીની ઘણી મોટી રકમ થતી આવી છે.

ભારત વિકાસ પામતું રાષ્ટ્ર હોઇ તેનાં રાજકીય આગેવાનો સેવાને બદલે લાભ મેળવવા માટે જ રાજકીય ક્ષેત્ર પસંદ કરતાં હોય તેવું આજે જણાઇ આવે છે. નવાઇની વાત તો એ છે કે પોતાનાં રજવાડાંની અબજોની સંપત્તિ ત્યાગનારા રાજવીઓને સાલિયાણાં મંજૂર થયા પછી કોઇ વધારો આપવામાં આવ્યો નહોતો,

પણ આજના લોકસભા અને વિધાનસભાના સભ્યો દલા તરવાડીની કહેવત સાચી ઠેરવે છે. લઉં રીંગણાં બે ચાર, લેને દસબારની જેમ વિધાનસભા અને લોકસભામાં ચૂંટાયેલા સભ્યો નવી ટર્મ શરૂ થતાં જ આવો વધારો માગતા અને મેળવતા રહ્યા છે. છેક વિધાનસભાના સભ્યો, રાજ્યના મંત્રીઓ અને લોકસભા તેમજ રાજ્યસભાના ચૂંટાયેલા સભ્યો અને પ્રધાનો તેમને ફાળવવામાં આવેલાં ૧૦૦ ટકા ફંડો પ્રજાહિતના કાર્યમાં વાપરતાં હોય તેવું ભાગ્યે જ બને છે. તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ જાહેરમાં કબૂલ્યું હતું કે પ્રજાને પહોંચાડવાના ૧૦૦ રૂપિયામાંથી માંડ ૧૫ રૂપિયા જ પ્રજા સુધી પહોંચે છે. એનો અર્થ એ થયો કે બાકીનાં નાણાં વચેટિયાઓના ભ્રષ્ટાચારમાં ઓહિયાં થઇ જાય છે.

અગાઉ મેં જાણ કરી તેમ કોઇપણ વચન આપવાનું સહેલું છે પરંતુ તેને પુરું કરવું અઘરૂં છે. દાખલો લઇએ તો ભારત સરકારમાં જોડાયા પછી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જનધન યોજના અમલમાં મૂકી અને કરોડો ભારતવાસી બેંકનાં ખાતાં ખોલાવી શક્યા. આ શક્ય બન્યું કારણ બેંકના લાખો કર્મચારીને આ કામ સોંપવામાં આવેલું. તેઓને આ કામ કરવા માટેની જવાબદારી તેમના કામના ભાગરૂપે સોંપાઇ હતી. પરંતુ ઘેર ઘેર શૌચાલય અને ઘરવિહોણાંને મકાન માટે તો સારાય દેશમાં અને જુદાં જુદાં રાજ્યોના ગ્રામીણ પ્રદેશોમાં કેટલાં કુટુંબો અને કેટલા વિસ્તારમાં આ શૌચાલયો જોઇએ તેનો સમગ્રલક્ષી સર્વેક્ષણ કરાવ્યા બાદ જે તે સંખ્યા સામે થનાર ખર્ચના અંદાજ અને કયા ફંડમાંથી આ નાણાં ખર્ચાશે તેનો ડેટા ભેગો કરીને જ આવાં વચનો આપવાં જોઇએ. આવી જ રીતે ઘરવિહોણાં કેટલાં કુટુંબો છે, તેમને ઘર આપવા જરૂરી જગ્યા, સાથે થનાર ખર્ચની પૂરેપૂરી વિગતો મેળવી, આ ખર્ચ ક્યાંથી આવશે અને કઇ રીતે વપરાશે તેની ખાતરી તેમના ઢંઢેરામાં આપવી જોઇએ. જેથી તેમણે આપેલાં વચનો સાચાં પડે અને પ્રજા સાથે છેતરપિંડી ના થાય. સ્વચ્છતા અભિયાન સારું છે, પણ તેનું હાર્દ પ્રત્યેક વ્યક્તિ સ્વચ્છતા રાખવા સભાન બને અને સ્વચ્છતા જાળવવા જાગૃત બને, ગંદકી ના થાય તેની કાળજી લે, ઉદ્યોગપતિઓ પણ પોતાના ઉદ્યોગ થકી પર્યાવરણને નુકસાન ના થાય તે રીતે ઉદ્યોગમાંથી નીકળતા દૂષિત પાણી-કચરાનો યોગ્ય નિકાલ કરે ત્યાર બાદ તે માટે સરકાર શું કરવા માંગે છે અને તેને કઇ રીતે જાળવી શકશે તેની ખાતરી પ્રજાને કરાવે. દૂષિત પાણી, દૂષિત જમીન અને દૂષિત હવા પ્રજાના હિતમાં નથી, જેથી કરીને ચોખ્ખું પાણી, જાળવણી સાથે જમીન અને સારો પ્રાણવાયુ મળે તેવી સ્વચ્છતાની જાળવણી એ રાજ્ય કે ભારત સરકાર કરાવે તે આજની માંગ છે.

(૯ ફેબ્રુઆરી ૨૦૧૫)

॥ પ્રાથમ્ય ॥

# શિક્ષણમાં અપેક્ષિત પરિવર્તન

**રાજેન્દ્રસિંહ જાડેજા**

કેન્દ્રમાં ભાજપની સરકાર આવ્યા પછી જે આવકાર્ય પરિવર્તનો થવા માંડ્યાં છે તેમાં શિક્ષણક્ષેત્રે પ્રવર્તતી અરાજકતાનો અંત આવે અને ભારતીય સામાજિક-સાંસ્કૃતિક પરિવેશને અનુરૂપ એવું પરિવર્તન પણ આવે એવી અપેક્ષા રહે છે. તે સંદર્ભમાં ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૫ના અંગ્રેજી અખબાર 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માં પ્રગટ થયેલી માનવસંસાધન પ્રધાન શ્રીમતી સ્મૃતિ ઇરાનીની મુલાકાત નોંધપાત્ર છે.

ઇ-ગવર્નન્સનું એક સુંદર ઉદાહરણ પૂરું પાડતાં હોય તેમ શિક્ષણ વિભાગે mygov.in વેબસાઇટ પર ૨૬ જાન્યુઆરીથી ૫ ફેબ્રુઆરી સુધી વિચારવિમર્શની પ્રક્રિયા હાથ ધરેલી, જેમાં સ્મૃતિબહેને જણાવ્યા અનુસાર ૨૫૦૦ વ્યક્તિઓનાં મંતવ્યો મેળવવામાં આવ્યાં. હવે તે પ્રક્રિયાના બીજા તબક્કામાં રાજ્ય સરકારોને સામેલ કરવામાં આવશે. પ્રત્યેક રાજ્ય પોતાની ગ્રામસભાઓથી માંડીને વિવિધ શૈક્ષણિક-સંસ્થાઓ પાસેથી સૂચનો-મંતવ્યો મેળવશે અને તેના આધારે નવી શિક્ષણનીતિનું માળખું તૈયાર થશે. આ એક આવકાર્ય પહેલ છે.

એ જ રીતે જિલ્લા કક્ષાએ શિક્ષણાધિકારીઓની સામેલગીરીથી પોતપોતાના વિસ્તારની Best practices અર્થાત્ ઉત્તમ પ્રયોગો વિશે માહિતી એકઠી કરાઇ રહી છે. અત્યાર સુધી દિલ્હીમાં બેઠેલા નિષ્ણાતો નક્કી કરે તેવી Top Down પરિવર્તનની તરાહ અપનાવવામાં આવતી હતી. સમાજવાદી રાજ્ય વ્યવસ્થાની દેણ એવી આ તરાહના સ્થાને હવે પ્રજાની સામેલગીરી વાળી Bottom up changeની તરાહ અપનાવીશું તો તેનાં સારાં પરિણામ અવશ્ય જોવા મળશે.

'નિષ્ણાતો'ની સમજના આધારે રાજ્યશિક્ષણમાંથી પરીક્ષાની લગભગ નાબૂદી તરફ આપણે જઇ રહ્યા હતા, અને તેના ભાગરૂપે સીબીએસઇ શાળામાં તો દસમા ધોરણની જાહેર પરીક્ષા, (બોર્ડ એક્ઝામિનેશન)ને હટાવી દેવાઇ હતી. તેના પરિણામે ગુણવત્તાનું ધોવાણ થયું છે એવી ફરિયાદ વ્યાપક બની હતી. સ્મૃતિ ઇરાનીના કથનમાંથી આ બાબતે પુનર્વિચાર થશે એવું જણાઇ રહ્યું છે.

શિક્ષકોને ઉત્તમ તાલીમ પ્રાપ્ત થવી જોઇએ તે વાત બધા સ્વીકારે છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી એક પછી એક એવા નીતિગત નિર્ણયો લેવાયા છે કે જેના કારણે પરિસ્થિતિ વધુને વધુ વણસતી જાય છે.

તે જ રીતે શાળા કક્ષાએથી લઇને ઉચ્ચશિક્ષણમાં સંસ્થાઓમાં સર્વત્ર આચાર્યોની નિમણૂક અને તેમની વહીવટ ક્ષમતા ચિંતાનો વિષય બની રહી છે.

આ બધા ક્ષેત્રોમાં યોગ્ય નિર્ણયો લઇ તેનો ત્વરિત અમલ કરવામાં આવે તે આપણી શિક્ષણ વ્યવસ્થાને કથળતી બચાવવા માટે અત્યંત જરૂરી છે.

(૫, રાધાસ્વામી બંગલા, બિગબજાર પાછળ, આણંદ-૩૮૮૦૦૧
મો: ૯૩૭૫૦૩૧૪૦૨)

**। વિ-વિદ્યાનગર । માસિક અંગેનું માહિતીપત્રક**
**ફોર્મ - ૪ (નિયમ - ૮ મુજબ)**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : વલ્લભ વિદ્યાનગર |
| ૨. પ્રકાશનની સામયિકતા | : માસિક |
| ૩. મુદ્રક | : આણંદ પ્રેસ, ગામડી-આણંદ |
| ૪.પ્રકાશકનું નામ | : પ્રિ.એસ.એમ.પટેલ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : માનદ મંત્રી<br>ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |
| ૫. તંત્રી | : ડૉ.હરિ દેસાઈ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |
| ૬. માલિકનું નામ | : પ્રિ.એસ.એમ.પટેલ |
| સરનામું | : માનદ મંત્રી<br>ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |

હું, એસ.એમ.પટેલ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને સમજ મુજબ બરાબર છે.

૨૪ ફેબ્રુઆરી ૨૦૧૫ એસ.એમ.પટેલ
માનદમંત્રીઃ ચારુતર વિદ્યામંડળ

## પાપ ત્હારું પ્રકાશ જાડેજા.....
## (સતી તોરલ- ભજન)

પાપ ત્હારું પ્રકાશ જાડેજા પાપ ત્હારું પ્રકાશરે,
ત્હારી બેલડીને બુડવા નહિ દઉં જાડેજારે- તોરલ કહે છે.
હરણ હર્યાં લખચાર તોરલ દે હરણ હર્યાં લખ ચારરે,
કંઇક વનમાં મૃગલા મારીયા, તોળંદેરે એમ જેસલ કહે છે.
કર્મ ત્હારાં સંભાર જાડેજા ધર્મ ત્હારો સંભારરે- તારી બેડલી.
લુંટી કુંવારી જાન સતી નારી, લુંટી કુંવારી જાનરે,
સાત વીશું મોડબંધ મારીયા તોળાંદેરે, એમ-જેસલ કહે છે.
ધર્મ ત્હારો સંભાળ જાડેજા ધર્મ ત્હારો સંભાળ રે- તારી બેલડી.
તોડી સરોવર પાળ, સતિ નારી તોડી સરોવર પાળશે.
ભાઇ ભાભીને મેં મારીયાં તોળાંદેરે એમ જેસલ કહે છે.
કંઇક પરમાર્થ કર જાડેજા કંઇ પરમાર્થ કરરે-તારી બેડલી
માથાના જેટલા વાળ સતિ નારી માથાના જેટલા વાળરે
એટલાં કુકર્મો મ્હેં કર્યા તોળાંદેરે એમ-જેસલ કહે છે.
પાપ તારું પ્રકાશ જાડેજા પાપ ત્હારું પ્રકાશ રે,
વિનવે જેસલરાય સતિને વિનવે જેસલરાય,
મારી બેડલી ઉતારો ભવ પાર સતિ-મારી.

(રામનામ ભજનાવળી, ૧૯૩૩, પૃ.૧૧-૧)

## મહેનત કરીએ માધવજીની....

મહેનત કરીએ માધવજીની, મજૂરી ચોક્ખી આપે રે,
લખીને નામું એને સોંપીએ, પ્રાયશ્ચિત સઘળાં કાપે રે.મ.
લાલ અમારે હૈડે લાગ્યો, મુનિએ ના નિપજે જેહ રે,
દર્શનમાં દયા ઘણી  મારી, લીલી કીધી દેહ રે.  મ.
આપે મહિનો આવીને પોતે, શબ્દ તણો જે પાસ રે,
રૂપીઆ તો રૂદેમાં રાખ્યા, ટાળ્યા જમના ત્રાસ રે.મ.
માધવજી શાહુકાર અમારો, કરીએ ચાકરી તેની રે,
સારસની પેઠે બેઠો પોષે, કાસળ કાઢે સહુની રે.  મ.
અમો ચાકર તમારાં પ્રભુજી, મહિનો આપજો સારો રે,
મારે શેઠ તમો શામળીઆ, ભવને પાર ઉતારો રે. મ.
એટલા માટે મહેનત માગું, ચોરાશી ફેરા ટાળો રે,
નાનીબાઇની મજૂરી એવી મનવાંચ્છિત ફળ આલો રે. મ.

(નવીન કાવ્યદોહન, પૃ.૬૬૫)

## હોલી ખેલો

**- મીરાં**

ફાગણ કે દિન ચાર
હોળી ખેલો મના રે!
બીન, કરતાલ, પખવાજ બાજે,
અનહદ કી ઝનકાર ... હોલી
બીન સુર રાગ છતીશ આલાયે,
રો રોમ રનકાર ... હોલી
શીલ સંતોષ કી કેશર ઘોલી,
પ્રેમ કી ભર પિચકારી .... હોલી
ઊડત ગુલાલ, લાલ ભયે બાદલ,
બરસત રંગ અપાર .... હોલી
ઘૂંઘટ કે પટ ખુલ ગયે સબ,
લોકલાજ સબ ડાર .... હોલી
હોલી ખેલે પ્રીતમ પ્યારી,
સો પ્રીતમ ચિત ધાર .... હોલી
મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
ચરણ કમલ બલિહાર .... હોલી

## સુંદરનાથ રે સોહામણો.....
## (ધોળ)

સુંદર નાથ રે સોહામણો, રાણી રુકમિણીજીનો લાલજી,
વ્રજમંડળનો રાજીયો, વ્રજજુવતીનો વાહાલોજી. ૧.
શ્રી ગુકુલનાથને નીરખતાં, નયણાં તે તૃપ્ત ન થાયજી,
નીરખતાં પાછાં ફરે નહીં, ચરણકમલે લોભાયજી. ૨.
મકરંદે મોહ્યા મધુકર નયણાં એમ અપારજી;
વહાલાજીનું વદન અવિલોકતાં, એ સુખનો કેમે ન આવે પારજી.૩.
બેઠક માંહે ઓછારીયાં, નીમો સોહે અતિ લાલજી;
હસી હસી પૂછે વાતડી, મધુરે તે વચન રસાલજી. ૪.
કેશર તિલક સોહામણું, ઉર પર લટકે ગુંજાહારજી;
વૈષ્ણવ સર્વે વીંટી રહ્યાં સોભા તણો નહીં પારજી. ૫.
સેવક સહિત બિરાજજો, શ્રીગોકુલ નિત્ય વિહારજી;
રૂપાંબાઇ ચરણે રહ્યાં, વાહાલો છે પરમ ઉદારજી. ૬.

(શ્રી ગોકુલેશ ધોળપદમાધુરી, ૧૯૬૧, પૃ. ૩૦૬)

# બેસતું વર્ષ ગૂડી પડવો

## કાકાસાહેબ કાલેલકર

**(૨૧ માર્ચે 'ગુડીપડવો' તહેવાર આવે છે એ નિમિત્તે સવયા ગુજરાતીલિખિત લેખ અહીં પ્રસ્તુત છે.)**

વાનરરાજા વાલીના ત્રાસમાંથી દક્ષિણની ભૂમિ છૂટી એના આનંદમાં ઘેર ઘેર ઉત્સવ કરી લોકોએ ગૂડીઓ (ધજાઓ) ઊભી કરી હતી, એ રિવાજ દક્ષિણમાં આજ સુધી ચાલે છે. સાયન ગણતરી પ્રમાણે બેસતું વર્ષ ચૈત્ર સુદ ૧ આવે. બેસતા વર્ષને **ગુડી પાડવા** કહે છે.

બેસતે વર્ષે નવો સંકલ્પ કરવાનો હોય છે, કેમ કે બેસતા વર્ષનો દિવસ એ એક જાતની સવાર છે. સવારે જેમ થાક ઊતરી જઇને નવી સ્ફૂર્તિ આવે છે, તેમ બેસતા વરસે નવું પાનું ખોલવાનું હોય છે. અત્યાર સુધી થઇ ગયું એ થઇ ગયું, આજથી નવી વાત, એમ પોતાને સમજાવી માણસ નવો સંકલ્પ કરે છે. નવો સંકલ્પ કરતાં પહેલાં સિંહાવલોકન કરવું એ પણ માણસનો સ્વભાવ છે. સિંહાવલોકન એટલે સિંહની પેઠે પાછા વળીને જોવું તે. કહે છે કે ફલંગો ભરી દોડતો સિંહ વચમાં વચમાં થોભીને આપણે કેટલે સુધી આવ્યા, કેટલો રસ્તો કાપ્યો, એનું નિરીક્ષણ કરે છે. પ્રગતિશીલ માણસને પણ એ ટેવ કામની છે. અત્યાર સુધી આપણે કયા કયા સંકલ્પો કર્યા, એમાંથી કેટલા પાર પાડ્યા, કેટલા સંકલ્પો સુધારવા પાડ્યા, અને કયા જતા કરવા પડ્યા, એનું તારણ કાઢ્યા પછી જ નવો સંકલ્પ ઠરાવી શકાય. પ્રથમ પ્રથમ માણસ ઉત્સાહમાં આવીને પોતાનો સંકલ્પ બોલી જાય છે. જાણે બોલ્યા એટલે કરી જ નાંખ્યું. બોલવાથી બુદ્ધિ રૂઢ થઇ જાય છે; સ્નેહીઓના સમભાવથી સંકલ્પ પાર પાડવા માટે અનુકૂળતા થાય છે; બોલતાં બોલતાં વિચારો સ્પષ્ટ થાય છે; કાર્યમાં એકાગ્રતા આવી જાય છે; અને પોતા માટે પોતાની વાણીનું જ બંધન તૈયાર થાય છે. પણ બોલવામાં સંયમ હોવો જોઇએ, નહીં તો જૂના લોકો કહે છે તેમ બોલવાથી વરાળ નીકળી જાય છે, ધ્યાન ઢીલું પડે છે, અને સંકલ્પની આવરદા વાણી જેટલી જ થઇ જાય છે. આના જેવો વિચાર કરીને જ પેલો શ્લોક રચાયો છે:

**मनसा चिंतितं कार्यं वचसा न प्रकाशयेत् ।**
**अन्यलक्षितकार्यस्य यतः सिद्धिर्न जायते ॥**

આ શ્લોક રચનાર કોઇ વ્યવહારુ માણસ હોવો જોઇએ. એની દલીલ આપણે ગળે ઉતરે નહીં, પણ એની શિખામણ ઠીક છે.

બેસતા વરસે સંકલ્પસિદ્ધને અર્થે એકાદ વ્રત લેવાનું હોય છે. ઉત્તમ વ્રત તે ચિત્તરક્ષા વ્રત.

**चित्तरक्षाव्रतं मुक्त्वा बहुभिः किं मम व्रतैः॥**

છતાં એ મહાવ્રતની મદદ તરીકે એક નાનકડું વ્રત આપણે બધા લઇ શકીએ છીએ. અને તેને માટે બેસતા વર્ષના કે બીજા મુહૂર્તની આવશ્યકતા નથી. આપણે આપણો અનુભવ તપાસીએ તો આપણને જણાશે કે ઘણી વાર આપણે વસ્તુસ્થિતિ ઊંધી સમજીને આસપાસના લોકોને ગેરઇન્સાફ આપ્યો છે. જેટલી વાર પોતે કરેલો ગેરઇન્સાફ આપણા ધ્યાનમાં આવે તેટલી વાર જો સામા માણસની માફી માગવા જઇએ તો આપણને ખબર પડશે કે ગેરસમજ કરી લેવાની શક્તિ આપણામાં કેટલી છે. ડગલે ને પગલે માફી માગવાના પ્રસંગ એટલા બધા આવશે કે આપણે પોતે શરમાઇ જઇએ. એ વાત છોડી દઇએ તોપણ સામો માણસ પણ આપણી ચંચળ વૃત્તિ જોઇને અકળાઇ જાય. માફી માગીએ તો પોતાની કિંમત ઘટે એવી બીક રહે છે. એને પહોંચી વળીએ તોપણ માફીની કિંમત ઘટી જશે એ બીક સાચી જ છે. હવે માફીની કિંમત ઘટે એ ઠીક કે સામસામી ગેરસમજ ચાલવા દઇએ એ ઠીક? વ્યવહારકુશળ સમાજ માફીની નિખાલસતા કરતાં પ્રતિષ્ઠાની સ્થિરતા જ વધારે ચાહે છે. પણ એમ કરીને સમાજે શું મેળવ્યું છે?

જેટલી ગેરસમજો આપણા ધ્યાનમાં આવી છે તેમની આ વાત થઇ. પણ જ્યાં આપણને થાય છે કે આ વાત નિશ્ચિત છે, આમાં ગેરસમજને અવકાશ જ નથી ત્યાં પણ કોક વાર ઘોર ગેરસમજ હોય છે. એનું શું કરવું ?

ઉપાય એક જ છે કે કોઇને વિશે અભિપ્રાય બાંધવાની ઉતાવળ જ ન કરવી; બે હેતુનો જ્યાં વિકલ્પ સંભવે ત્યાં સારા હેતુની જ કલ્પના કરવી. માણસનો ઠીક ઠીક પરિચય હોવા છતાં એનું બાહ્ય સ્વરૂપ જ આપણી આગળ ઉઘાડું રહે છે. અંતર જાણવું મુશ્કેલ હોય છે. કેટલાક લોકો પોતાનું અંતર ઉઘાડું કરી જ શકતા નથી. વિચારો કે કલ્પના કરવાની ભાષા માણસે કેળવી છે. પણ હૃદય વ્યક્ત કરવાની ભાષા હજી અણખેડેલી જ રહી છે. તેથી માણસ પ્રકટ કરે છે એક અને બીજા સમજે છે બીજું જ. એ દશા બધે ચાલે છે. એટલું ધ્યાનમાં રાખીએ તોયે ઘણું થાય. જે લોકો બહુ બોલે છે, બહુ વાતો કરે છે, વાતૂડિયા કે વિનોદપ્રિય તરીકે ઓળખાય છે તેઓ અંદરથી કેટલા દુ:ખી હોય છે એ કોઇ જાણતું જ નથી. બહુભાષી માણસ ઘણીવાર અંત:કરણનો એકાકી હોય છે એ આપણે સમજી લઇએ તોય ઘણું થાય. આપણે ઇન્સાફ કરનાર કોણ!

આટલો વિચાર કર્યા છતાં બીજા લોકો વિશે કંઈક આકરા અભિપ્રાય આપણે ધરાવવાના જ. તે વખતે એ જ દોષ આપણા પોતાનામાં કેટલો છે એ તપાસી શકીએ તો કેવું સારું, જો આપણે પોતાના ગમે તેટલા દોષની પોતાની ક્ષમા કરી શકીએ તો બીજાનો આપણા પૂરતો એકાદ દોષ દરગુજર ન કરીએ?

જો આટલું કરતાં છતાં અમુક માણસ પ્રત્યે આપણા મનમાં સદ્ભાવ ન જ પેદા થાય તો ખટાશના પ્રસંગો લાવવા કરતાં એની સાથેના સંબંધનો સંકોચ કરવો એ જ યોગ્ય છે. જ્યાં સદ્ભાવ નથી ત્યાં સહકાર કરવાનો આપણને હક જ નથી. દુનિયામાં શ્રમવિભાગના નામે જે જગદ્વ્યાપી સહકાર ચાલે છે તેથી શ્રેય જ થયું એ એમ નથી. આપણા હૃદયનો જેટલો વિકાસ હોય તેટલો જ આપણો વ્યાપ રાખીએ એ યોગ્ય છે. હૃદયથી જ સત્ય સમજાય છે એમ ઋષિઓ કહે છે.

મળીને કામ કરવા માટે 'महामनाः स्यात्' એ વ્રત આવશ્યક છે.

આ કાગળની શરૂઆત તો વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કરી હતી, પણ હું જોઉં છું કે એ મેં પોતાને જ ઉદ્દેશીને પૂરો કર્યો છે. એટલે આને પ્રાર્થનામાં વાંચવા કરતાં જે ઇચ્છે તેને વાંચવા દેવો એ ઠીક છે. (ફેબ્રુઆરી ૧૯૨૬)

**ધ્વજારોપણ**

જ્યોતિષનું વર્ષ ચૈત્રથી શરૂ થાય છે. શાલિવાહન શક પણ ચૈત્રી પડવાથી શરૂ થાય છે. આ જ દિવસે શ્રી રામચંદ્રે વાલીના જુલમમાંથી દક્ષિણની ભૂમિને છોડાવી હતી એવી માન્યતા હોવાથી, એ દિવસે ધજા ચડાવવામાં આવે છે, કેમ કે એ સ્વતંત્રતાનો દિવસ છે. આ તહેવાર સાથેની પૌરાણિક કથાઓ વિદ્યાર્થીઓને સમજાવવા ઉપરાંત, અને મહારાષ્ટ્રીઓને બારણે ધજા શા માટે હોય છે એ સમજાવવા ઉપરાંત, આ દિવસે ઝાઝું કરવા જેવું નથી.

આ ઋતુમાં લીંમડો ખાવાની પ્રથા વૈદકની દૃષ્ટિએ સારી છે. લીંમડાની કૂંપળો, મરી, હિંગ, મીઠું, જીરું અને અજમા સાથે સવારે ઊઠીને ખાવી એ ચૈત્રી પડવાનો ખાસ વિધિ છે. આપણે ફક્ત કૂંપળો અને મીઠું ખાઈએ.

આ દિવસે જો આપણે પુષ્પરચના કરી શકીએ તો એ વસંતનો સાચો ઉત્સવ થશે. અને તેમ થાય તો એ અર્ધા દિવસનો ઉત્સવ મનાય. ત્રિરંગી રાષ્ટ્રીય ધ્વજનું અભિવાદન આ દિવસે તો રાખવું જ જોઈએ. એની સાથે ઝંડાગીત અને રાષ્ટ્રગીત પણ ગવાય.

('જીવતા તહેવારો'માંથી)

## વૅમેઈડમાં રાષ્ટ્રીય પરિષદ

સરદાર પટેલ વિશ્વવિદ્યાલય સંલગ્ન અને ચારુતર વિદ્યામંડળ સંચાલિત વૅમેઇડ કૉલેજ ઑફ એજ્યુકેશને Global Association of English Studiesના સુભાગ સમન્વય હેઠળ તા. ૩૦ થી ૩૧ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ રાષ્ટ્રિય પરિષદ "Contemporary Practices in Language Literary and Education: Indian Perspective"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદના શુભારંભ સમારંભમાં મંચસ્થ અતિથિઓમાં અધ્યક્ષસ્થાને પ્રિ.એસ.એમ. પટેલ, ચાવીરૂપ વ્યાખ્યાન આપનાર મુખ્ય મહેમાન તરીકે ડૉ.આર.પી.જાડેજા, પ્રા. જયદીપ ડોડિયા તેમજ અન્ય મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજનાં કાર્યકારી વડાં ડૉ. ભારતી રાઠોરે મેહમાનશ્રીઓનાં પરિચય આપ્યો અને આવકાર પ્રવચન કર્યું. આ પરિષદમાં કુલ ૧૮૦ પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. દેશના વિવિધ ભાગો જેવા કે પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, સૌરાષ્ટ્ર તેમજ શ્રીલંકાથી પ્રતિભાગી આવ્યાં હતાં. બીજા દિવસની શરૂઆત સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના ડૉ. અતનુ ભટ્ટાચાર્યના વ્યાખ્યાનથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પ્રો. પિયૂષ જોષી તથા પ્રો. અશોક સચદેવાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં ડૉ.દીપાલી ગાંધી દ્વારા બે દિવસીય પરિષદનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલમાં બાદ પ્રો. પિયૂષ જોષી અને પ્રો. અશોક સચદેવાએ પ્રતિભાગીઓને ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં. ડૉ. મિતુલ ત્રિવેદીએ બધાને હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વૅમેઇડ કૉલેજનાં પ્રશિક્ષણાર્થી ફોઇલા ઇલ્ડો તથા જોશી ઝેવિયર દ્વારા કરવામાં આવ્યું હતું.

### ટી.વી. પટેલ હાયર સેકન્ડરીનું ગૌરવ

ચારુતર વિદ્યામંડળસંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી, સામાન્ય પ્રવાહ, વલ્લભ વિદ્યાનગરમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ.જાના જોખુભાઇ પાસવાન, ૧૩-ગુજરાત બટાલિયન એન.સી.સી. વિદ્યાનગર દ્વારા તાલીમ મેળવી એન.સી.સી. ઓફિસર લેફ.એ.ડી. સિનોલના માર્ગદર્શન હેઠળ રાજધાની દિલ્હી મુકામે ૨૬મી જાન્યુઆરીના રોજ યોજાયેલી રિપબ્લિક-ડે પરેડ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે પસંદગી પામી શાળા, ચારુતર વિદ્યામંડળ તેમજ વલ્લભ વિદ્યાનગરનું ગૌરવ વધાર્યું છે. શાળાના આચાર્યશ્રી વિજય સુથારે તેને અભિનંદન આપ્યાં હતાં.

## બન્ને તરફ !

**-નરેન્દ્ર વૈષ્ણવ 'પશ્મિલ'**

એ જ વરસોથી સળગતી આગ છે બન્ને તરફ
તે છતાં ઉછરી રહેલો બાગ છે બન્ને તરફ
હોય ના દુનિયા કને તો દોસ્ત, ક્યાંથી આપશે
એક ક્ષણની લાગણીની માંગ છે બન્ને તરફ
બે ફરી આવીને બેઠાં એ જ પંખી ડાળ પર
માર કે જીવાડ એને લાગ છે બન્ને તરફ
મોહ-માયા રાગ-રંગો સૌ હતું વચમાં બધું
આમ તો છેડા ઉપર વૈરાગ છે બન્ને તરફ
આવશે 'પશ્મિલ' ખુદા ખુદ એક કરવા આવશે
એક હૈયાના કરેલા ભાગ છે બન્ને તરફ

(સી-૪, કર્મવીર એપાર્ટમેન્ટ, ૪ થો માળ,
પવનચક્કી સામે, સ્વામીવિવેકાનંદ રોડ,
નડિયાદ-૩૮૭૦૦૨ મોઃ ૯૭૧૨૬૦૪૯૪૫)

## ગઝલ

**-આબિદ ભટ્ટ**

કર ઉઠાવીને ઉપર જો એકવાર,
થાય છે કેવી અસર જો એકવાર!
જિંદગીનો સાર સમજાશે તને,
કોઇની જઇને કબર જો એક વાર!
મોકલે છે મ્હેંક તારા ઘર સુધી,
એ ગુલોની પણ ખબર જો એક વાર.
ચોકમાં ઊભો કરી દેશે તને,
હા, કહી થાશો અમર જો એક વાર.
ફૂલ થઇ મ્હેંકાવશે ઉપવન સકળ,
ફૂટશે ડાળે ટશર જો એક વાર.
દૂર જઇ જોશો તો ઉજ્જડ લાગશે,
આ નગર તારા વગર જો એક વાર.
વિશ્વ લાવી મૂકશે તારે ચરણ
એ કરી દેશે નજર જો એકવાર.

(નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર-
૩૮૩૦૦૧, જિ. સાબરકાંઠા મો. ૯૪૦૯૦૨૨૧૩૦)

## મારી સમજ

**- રમેશ આચાર્ય**

મારી પહોંચ જાણવા મેં
વડને બાથ ભરી જોઇ,
બાથ ટૂંકી પડી.
મારી હથેળીની ભીનાશ જાણવા મેં
વડનાં પાંદડાં સાથે હાથ ઘસી જોયા,
હથેળીની ભીનાશ ઓછી પડી.
મારા મૂળની મજબૂતાઇ જાણવા મેં
વડની વડવાઇ ખેંચી જોઇ,
હું હલી ગયો પણ વડવાઇ હલી નહિ.
રાઇના દાણા જેવડા બીજમાંથી
વડની કબીરવડ સુધીની વિકાસયાત્રા
સમજવામાં મારી જાત ટૂંકી પડી.

(કવિતા, ૧૦, અંકુર સોસાયટી, નવા જંક્શન માર્ગ, સુરેન્દ્રનગર-
૩૬૩૦૦૧ ફોન ૦૨૭૫૨-૨૩૨૭૧૧)

## વિસામો

**- પરાજિત ડાભી**

વિસામો મનગમતો આવ્યો છે ઢુંકડો
હવે થનગનતા પગને લઇ દોડશું.
પગલાં તો આડાને અવળાં ચાલે છે
એને કેમ કરી રસ્તામાં ખોડશું?
પાંપણને સપનાંનો લાગ્યો છે ભાર
અને ઊંઘ કરે રાતના ઉજાગરા.
છાતીમાં ઊછળતા લોઢ બંધ તોડીને
કરે કાયાના ભાંગીને કાંકરા.
લઇને આ રોગનું ઓસડ તું આવ
પછી રેશમની ગાંઠોને છોડશું.
હવે થનગનતા પગને લઇ દોડશું.
અંદરથી પ્રગટેલા દીવાના અજવાળે
હવે રસ્તો દેખાય સાવ સીધો.
પવનની જેમ સાવ હળવો થયો છું
અને શ્વાસોનો ભાર નથી લીધો.
અણધાર્યો રસ્તામાં આવે વળાંક તો
સાથે સંબંધ અમે તોડશું.
હવે થનગનતા પગને લઇ દોડશું.

(ઓમ નમઃ શિવાય સોસાયટી, પ્લોટ નં. ૩૪ એ, ગુરૂકુળ
વિદ્યાલય પાસે, ફૂલસર, ભાવનગરઃ ૩૬૪૦૦૪,
મોઃ ૯૮૨૪૯૦૩૯૦૩)

## લોહપુરુષાવદાનમ્: લોહપુરુષની કીર્તિગાથા

**કાન્તિલાલ રા. દવે.**

દેવભૂમિ હિમાલયની ઉપત્યકામો વસેલા કેદારનાથની સમીપના કવિલ્ડા ગામમાં જન્મ ધારણ કરી, સિદ્ધપીઠ કાલીમઠમાં વૈદૂષ્ય પ્રાપ્ત કરી, પોંડીનગરને પોતાની કર્મભૂમિ બનાવનાર અને ભારત સંદેશ, મહાવીરચરિતમ્, રવિદાસશતકમ્, તરંગલેખા, મત્કુણાયન આદિ કાવ્યકૃતિઓના સર્જક-વિવેચક ડૉ. શિવપ્રસાદ ભારદ્વાજ (શાસ્ત્રી) દ્વારા ૩૨ સર્ગોમાં નિબદ્ધ સુગૃહિતનામધેય લોહપુરુષ શ્રી વલ્લભભાઇ ઝવેરભાઇ પટેલના જીવનચરિત્રને આલેખતા 'લોહપુરુષાવદાનમ્' અર્થાત્ 'લોહપુરુષની કીર્તિગાથા' નામના આ મહાકાવ્યમાં ચરિત્રનાયક વલ્લભભાઇનાં દેશસેવા વિષયક ઉદાત્તોદાત્ત કીર્તિવન્તાં મહાન કાર્યો પર સુંદર પ્રકાશ પાથરવામાં આવેલો છે.

સ્વતંત્ર ભારતના પ્રથમ ઉપપ્રધાનમંત્રી અને ભારતનાં સેંકડો નાનાં મોટાં દેશી રજવાડાંઓનું સ્વતંત્ર ભારતમાં અજબ કુનેહ અને નીતિજ્ઞતાપૂર્વક વિલીનીકરણ કરી નવભારતનું શિલ્પ કંડારનારા આ વિચક્ષણ રાજપુરુષ 'સરદાર'ના જીવનવિષયક આ મહાકાવ્યમાં તેમના કુલ-જન્માદિના વર્ણનથી આરંભ કરી તેમના મહાપ્રયાણ સુધીની તમામ મહત્ત્વપૂર્ણ ઘટનાઓનું પ્રમાણભૂત અને વિગતપૂર્ણ નિરૂપણ પ્રાપ્ત થાય છે, તો સાથે સાથે કાવ્ય અને ઈતિહાસના અદ્‌ભૂત સંમિશ્રણ સમા આ મહાકાવ્યમાં ભારતના સ્વાધીનતા સંગ્રામનું પણ સાંગોપાંગ વિવરણ પ્રાપ્ત થાય છે.

સરદારશ્રી વિષે રચાયેલા આ એકમાત્ર સંસ્કૃત મહાકાવ્યની રચનાનું પ્રયોજન જણાવતાં ડૉ.ભારદ્વાજે નોંધ્યું છે કે, માતૃસેવાપરમધુરીણ, કૃષકવર્ગના અધિકારોને લક્ષ્યમાં રાખીને કરાયેલા 'બારડોલી-સત્યાગ્રહ'ના અગ્રણી, શતશઃ ભૂમિખંડોમાં વિભાજિત દેશને 'સ્ર ક્ સુત્રન્યાયે' (સૂત્રમાં ગૂંથવામાં આવેલાં પુષ્પોની જેમ) એક રાષ્ટ્રરૂપે બાંધનારા લોહપુરુષ વલ્લભભાઇના જીવન વિષયક સંસ્કૃત ભાષામાં એક પણ મહાકાવ્યની રચનાનો અભાવ સંસ્કૃત જગતને સતત દુઃખી કરતો હતો. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના અન્ય કોઇપણ સ્વાતંત્ર્ય સેનાની કરતાં સરદાર પટેલનું યોગદાન સહેજ પણ ન્યૂન કે ઉપેક્ષણીય ન હોવાની હકીકત હોવા છતાં, તેમને થયેલા અન્યાયની પીડાથી પ્રેરાઇને ડૉ. ભારદ્વાજે આ મહાકાવ્યની રચના કર્યાનો એકરાર કર્યો છે.

પ્રસ્તુત મહાકાવ્યના પ્રારંભના ૧૫ સર્ગોના બનેલા પ્રથમ સોપાનમાં 'શત્રુદુર્જરગુર્જર' પ્રાંતમાં પંજાબથી આવીને કર્મસદ (કરમસદ)માં સ્થાયી થયેલા ગુર્જર ક્ષત્રિયો એવા પટેલોના વંશમાં પિતા ઝવેરભાઇ અને માતા લાડબાઇના ગૃહે મોસાળ નડિયાદમાં જન્મ ધારણ કરનાર વલ્લભભાઇના જન્મથી માંડીને અમદાવાદ નિવાસ દરમિયાન મહાત્મા ગાંધીજીના પરિચય પૂર્વેની ઘટનાઓનું તલસ્પર્શી નિરૂપણ છે, જેમાં મુખ્યત્વે તેમના શૈષવ અને શિક્ષણપ્રાપ્તિ, વિવાહ અને વકીલાતનો પ્રારંભ, અગ્રજ બંધુ વિઠ્ઠલભાઇનું નામ સાદશ્યના આધારે વિદેશગમન અને પુનરાગમન, પત્નીનું દેહાવસાન બેરિસ્ટરીના વધુ અભ્યાસ અર્થે વિદેશપ્રયાણ, લંડનવાસ તથા ભારતમાં પુનરાગમન બાદ અમદાવાદમાં સ્થાયી થઇ અમદાવાદ મહાનગરપાલિકાની સદસ્યતા સુધીની ઘટનાઓનું રૂચિપૂર્ણ આલેખન છે.

પ્રસ્તુત મહાકાવ્યના ૧૬ થી ૨૮ સર્ગોના બનેલા દ્વિતીય સોપાનમાં ગાંધીજી સાથેનું પ્રથમ મિલન, ચંપારણ-સત્યાગ્રહ, ગાંધીજીના અનુનાયીત્વનો સ્વીકાર, અસહકાર આંદોલન, વિદેશી વસ્રોની હોળી, મદ્યવિક્રય સ્થાનોનું પિકેટિંગ, નાગપુર ઝંડા-સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ, અમદાવાદ નગરપાલિકાના મેયરપદની પ્રાપ્તિ, 'બારડોલી-સત્યાગ્રહ'નું સફળ નેતૃત્વ અને 'સરદાર' બિરૂદની પ્રાપ્તિ, નમક સત્યાગ્રહ, કારાવાસ, સાંસદ-નિકાયની અધ્યક્ષતા, 'ભારત છોડો' આંદોલન અને ૧૫ ઑગષ્ટે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સુધીના પ્રસંગોનું તટસ્થ અને સારગ્રાહી નિરૂપણ છે.

મહાકાવ્યના તૃતીય અને અંતિમ સોપાનમાં સર્ગ ૨૯ થી ૩૨નો સમાવેશ થાય છે, જેમાં ભારતની સ્વાતંત્ર્ય પ્રાપ્તિ, ભારતનું દ્વિધા વિભાજન,ડૉ. બાબાસાહેબ દ્વારા સંવિધાન નિર્માણ, દેશી રજવાડાંઓનું વિલીનીકરણ, હેદ્રાબાદ પર સૈન્ય કાર્યવાહી અને સરદારશ્રીનું મહાપ્રયાણ વગેરે બાબતો આલેખાઇ છે.

મહાકાવ્યના પ્રથમ સોપાનમાં કવિએ કાવ્ય-નાયકના ચરિત્રનિર્માણની પૂર્વભૂમિકાનું સમુચિત નિરૂપણ કર્યું છે. સંપૂર્ણ વિદેશી ઢબે જીવતાં, સંતાનોને અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવા, એ જમાનામાં માસિક અઢીસો

રૂપિયાના વેતને વિલ્સન નામની અંગ્રેજ મહિલાની વ્યવસ્થા કરનાર અને ધૂમ્ર-મદ્યપાનમાં કશું જ અનૌચિત્ય ન જોનાર, એટલું જ નહીં પોતડી પહેરનાર ગાંધીજીની હાંસી ઉડાવનાર એક નવલોહિયા ભારતીય બેરિસ્ટરના ધારદાર વ્યક્તિત્વની સુરેખપૂર્ણ વિગતો અહીં પ્રભાવક રીતે અક્ષરદેહ પામી છે.

પ્રસ્તુત મહાકાવ્યમાં કવિએ કાવ્ય નાયક સરદારના વ્યક્તિત્વનાં કેટલાંક તેજોપૂર્ણ તથા સંવેદનપૂર્ણ પાસાંને ધારદાર ઊઠાવ આપ્યો છે. ઉદાહરણ તરીકે, તેઓ જ્યારે અમદાવાદ મહાનગરપાલિકામાં નગરપતિ હતા ત્યારે, પ્રાટ નામના અંગ્રેજ અધિકારીએ કોઈક પ્રસંગે તેમને મળવા માટે કહેણ મોકલ્યું, ત્યારે સ્વાભિમાની નગરપતિ સરદારે તેને રોકડું પરખાવ્યું કે, આપને મારી સાથે મુલાકાત જોઈતી હોય તો આપ જ મહાનગરપાલિકામાં સ્વયં પધારોઃ

**इतरः स्वोत्तरे त्वेनमलिखद्, ''यदि कांक्ष्यते ।**
**मदीयं दर्शनं, कक्षे पालिकायां इहैहि भोः ॥''**
**૧૭-૬૫**

વજ્રથી ય કઠોર અને કુસુમથીયે કોમળ હૃદયવાળા સરદારના કુસુમકોમળ હૃદયનો હૃદયસ્પર્શી પરિચય કવિએ પ્રિય પત્નીના અગ્નિદાહ પ્રસંગે કરાવ્યો છે. કરુણગર્ભ અગ્નિદાહ પ્રસંગે સરદાર મનોમન વિચારે છેઃ ભોળા અને સુંદર મુખવાળી જે પ્રિયાનું મેં પાણિગ્રહણ કર્યું હતું, એ જ પ્રિયાને મારા જ હાથે પત્થરદિલ થઈને અગ્નિને સ્વાધીન કેવી રીતે કરી શકું ?(૧૮/૬૮) એ જ સરદારના વ્યક્તિત્વનું આ બીજું વજ્રકઠોર પાસું જુઓઃ બોરસદની કોર્ટમાં એમના એક અસીલનો મહત્ત્વપૂર્ણ કેસ ચાલી રહ્યો હતો. ત્યાં જ ચાલુ કેસે પત્નીના મૃત્યુનો 'લાઈનિંગ કૉલ' મળે છે. વજ્રપાત સમા આ સમાચાર મળવા છતાં પોતાના નિર્દોષ 'યમપાશયાશિતમ્' અસીલને બચાવવા, સરદાર જાણે કશું જ બન્યું ન હોય તેમ અડગ ખડકની જેમ જરાય વિચલિત થયા વિના દલીલો ચાલુ રાખે છે. (૯/૫૦)

પ્રસ્તુત મહાકાવ્યમાં વિવિધ વિષયો પરનું સરદારશ્રીનું ચિંતન સુચારુ રીતે નિરૂપાયેલું જોવા મળે છે. પુરૂષના અર્ધાઙ્ગ સમાન નારીની ઉપેક્ષા કરીને અંગ્રેજ જેવા બળવાન રિપુને કેવી રીતે મહાત કરી શકાય? વિરાટ નારીશક્તિને સત્યાગ્રહમાં જોડવા માટે તેમણે ઉચ્ચારેલા આ શબ્દો પ્રત્યેક પુરૂષે સદાસર્વદા સ્મરણમાં રાખવા જેવા છેઃ

**वामाङ्गं तु निजं यूयमपेक्षध्वे कथं प्रियाः ।**
**अर्धाङ्गेन नरः किंस्वित् सहेत सबलं रिपुम् ॥**
**૨૪/૫૮**

જાતિ, ધર્મ અને જન્મજાત ઊંચનીચ ભેદ-ભાવ વિદેશી શત્રુઓ સામે લડવામાં મહાન અંતરાયરૂપ બને છે, તે અંગેનું આ ચિંતન જુઓઃ

**जातिधर्मगतो भेदो जन्मना चोच्यनीचता ।**
**अन्तरायो महानत्र संहत्या हन्त ! लक्ष्यते ॥**
(૧૫-૯૫)

માનવીના આત્મબળથી વધારે બળવાન કશું જ હોતું નથી. તેની સમક્ષ વિપુલ સૈન્યોને પણ ઝૂકવું પડે છે. ગાંધીજીના સત્યાગ્રહ સંદર્ભે સરદારશ્રી દ્વારા ઉચ્ચારાયેલી અવતરણક્ષમતા ધરાવતી આ ચિંતનગર્ભ પંક્તિઓ જુઓઃ

**येषां शस्त्रबलं नास्ति तेषामात्मबलं बलम् ।**
**पुरस्ताद यस्य हीयन्ते सैन्यानि दिपुलान्यपि ॥**
(૧૭/૨૨)

આદર્શ શાસનતંત્ર કેવું હોય? સરદારશ્રી મુજબ, આંતરિક ભયથી પ્રજાનું રક્ષણ ન કરી શકે તેથી યથોચિત પ્રકારે પ્રજાનું ભરણપોષણ ન કરી શકે. તેવા શાસકને શાસન કરવાનો કોઈ જ અધિકાર નથી. જુઓઃ

**प्रजानां भरणं रक्षा भयेभ्यो योगसाधनम् ।**
**यच्छाशनमुपेक्षेत् न तत्छासितुमर्हति ॥**
(૧૭-૪૩)

સ્વાતંત્ર્યોત્તર કાળમાં વિવિધ સંસ્થાઓ દ્વારા સરદારશ્રીના કરવામાં આવેલાં અનેક સન્માનો, પ્રદત્ત કરાયેલી માનદ પદવીઓ અને અપરંપાર અભિનંદન પ્રસંગો ઈત્યાદિનો અહીં સમાવેશ કરવામાં આવ્યો નથી પરંતુ તેમના જીવનકાળમાં તેમના દ્વારા કરવામાં આવેલ અનેક સાહસપૂર્ણ, રાષ્ટ્રોપયોગી અને જનહિતકારી કાર્યોનું જ યથાવકાશ યથોચિત નિરૂપણ કવિ દ્વારા અહીં કરવામાં આવેલું છે.

ચરિત્રપ્રધાન આ મહાકાવ્યમાં વિવિધ ઘટનાઓનું પ્રાધાન્ય તો છે જ પણ સાથે સાથે અનેક રસો અને ભાવોનું પણ સ-રસ નિરૂપણ જોવા મળે છે. પ્રસ્તુત મહાકાવ્યનો મુખ્ય રસ વીરરસ છે, જેનો સ્થાયીભાવ ઉત્સાહ છે. ગૌણ રસરૂપે શાંત, રૌદ્ર અને કરૂણનું પણ યથોચિત નિરૂપણ છે. ગાંધીજી, સરદારશ્રીનાં માતુશ્રી, વડીલ બંધુ અને પત્નીના દિવંગત થવાની ઘટનાઓમાં

કરૂણરસનું મર્મસ્પર્શી નિરૂપણ છે આ મહાકાવ્યમાં ભાષાની પ્રાંજલતા સંપૂર્ણ કાવ્યમાં આપણું ખાસ ધ્યાન ખેંચે છે. સાથે સાથે કવિએ છંદો વૈવિધ્ય, અલંકારો, સૂક્તિઓ અને પ્રસન્નકર સમાસોના પ્રયોગ દ્વારા મહાકાવ્યને કાવ્યાત્મક સુંદરતા પ્રદાન કરી છે. અલંકારોમાં અનુપ્રાસ યમકાદિ શબ્દાલંકારો અને ઉપમા-ઉત્પ્રેક્ષા-રૂપક તથા અર્થાન્તરન્યાસ આદિ શબ્દાલંકારો કવિના પ્રિય અને બહુલપ્રયુક્ત અલંકારો છે. વર્ણાનુપ્રાસ અલંકારનું આ ઉદાહરણ જુઓ.

**साधुता साधुता तस्य साधुसाधनसाधिनः ।**
**सुसाधना भवन्तश्चेदं सिद्धिः किं न वरिष्यते ॥**
(૨૫/૧૨)

**'सूत्रे मणिगणा इव'** અર્થાત્ સૂત્રમાં પરોવાયેલા મણિઓની જેમ, પ્રસ્તુત મહાકાવ્યમાં સુંદર અને અર્થગર્ભ સૂક્તિઓનાં દર્શન થાય છે. જેમ કે, **निम्नः स्वयं तून्नमयेत किमन्यत्,** જે સ્વંય નીચે હોય ને બીજાને કેવી રીતે ઊંચે ચડાવી શકે? (૧૧/૪૮), **प्रीति दीने नैव मुञ्चेः कदाचित्** અર્થાત્ દીનજનો પ્રત્યે ક્યારેય પ્રેમ ત્યજવો નહીં (૧૪/૨૦), **क्वचिन्न साधुता जन्मकृताऽत्र तिष्ठति** અર્થાત્, સાધુતા માત્ર જન્મજાત જ હોતી નથી, (૧૧/૫૦) વગેરે. કવિએ યત્ર તત્ર સુંદર રૂઢિપ્રયોગોનો પણ સુંદર પ્રયોગ કર્યો છે. યથા, **नयने धूलिप्रक्षेयो** (૨૫/૧૨), **अरण्ये रुदितम्** **(૨૪-૧૧૯)**વગેરે. કવિએ પાત્ર પ્રસંગોચિત ભાષાનો પ્રયોગ કરી પોતાના કથયિતવ્યને સચોટ બનાવવાનો કરેલો આ પ્રયોગ જુઓ. ફેલ્ટ હેટ, કોટ-સૂટ-બુટમાં સજ્જ અને હાથમાં સિગારેટ પકડી મોમાંથી ધૂમાડાના ગોટેગોટા કાઢતા સરદારશ્રીનું આ શબ્દચિત્ર જેટલું સચોટ છે એટલું જ આકર્ષક પણ છે.

**सज्जं वेषे फैल्ट हैट प्रकृष्टे**
**नादौ स्पृष्टे कोटबूटाधिधृष्टे ।**
**हस्तन्यस्तां धूम्रवर्तिं दुधानं**
**दृष्ट्व सूनुं विस्मयोऽभूज्जनन्या ः॥**
(૧૪-૨)

આ મહાકાવ્યમાંકવિએ રૂઢ તથા અન્યભાષાના શબ્દોનો સંસ્કૃતમાં કરેલો અભિનવ પ્રયોગ પણ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. યથા, કલકત્તા-કાલિકાયતન (૨૫/૪), મદ્રાસ-મંદરાસ (૨૬/૭૧), બારોડલી બારદોલ્લ્ય (૨૦/૭૨), લખનૌ-લક્ષ્મણપુર (૨૦/૮૫), અંગ્રેજ-ગૌરાંગ (૨૦/૮), ગવર્નર-પ્રાન્તેશ (૨૪/૧૨૮), જેલ-કૃષ્ણમંદિર (૨૫/૬૮), ફાંસી- પાશબન્ધ (૨૫/૧૨૫), રેડિયો-નલોવાક્ (૩૦/૩૫), નનામી-વયુવિમાનગમ (૩૨/૯૭), વાઈસરોય-ઉપરાજયપદ (૨૮/૧૦૪) વગેરે.

આમ પ્રાંજલ ભાષા તત્વ જીવંત પાત્ર નિરૂપણ યથોચિત રસ-સન્નિવેશની સાથે સાથે જનગણની આકાંક્ષાઓ તતા સમકાલીન ઈતિહાસના નિરૂપણની દષ્ટિએ પણ આ મહાકાવ્ય ખાસ નોંધપાત્ર બન્યું છે.

(નિવૃત્ત પ્રાધ્યાપક, અનુસ્નાતક સંસ્કૃત વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, ડી-૭, નીલકંઠ બંગલોઝ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર, ૩૮૮૧૨૦ જિ.આણંદ મો.૯૪૨૮૪૩૭૫૦૭)

## એમ.યુ. પટેલ હાઈસ્કૂલમાં વાલી સંમેલન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ ટેકનિકલ હાઈસ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં એક-બે વિષયમાં કચાસવાળાં હોય તે વિદ્યાર્થીઓની તે વિષયની કચાશ દૂર થાય અને માર્ચ ૨૦૧૫ની બોર્ડની પરીક્ષામાં સારું પરિણામ પ્રાપ્ત કરી શકે તે ઉદ્દેશ્યથી આચાર્યશ્રી સુરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત શાળાના નિરીક્ષકશ્રી ચંદ્રકાન્ત ગામેતી દ્વારા વાલીઓનો આવકાર કરીને કરી હતી. ત્યારબાદ શાળાના શિક્ષકશ્રીઓ બી.આર.ડાભી, અંબાલાલ વણકર, ડાહ્યાભાઈ ચૌધરી તથા શિલ્પાબેન ઉપાધ્યાયે ઉપસ્થિત વાલીઓને શાળા સમય સિવાયના સમય દરમિયાન માર્ગદર્શન અંગેની માહિતી આપી હતી. તેમજ વાલીઓ પણ પોતાનાં સંતાનોનાં પરિણામ સુધાર કાર્યમાં મદદરૂપ બને તેની અપીલ કરી હતી. આચાર્યશ્રી સુરેશભાઈ પટેલ જણાવ્યું હતું કે એક-બે વિષયક નબળા વિદ્યાર્થીઓનું પરિણામ સુધારવા માટે શાળાના દરેક શિક્ષકોને બે-ત્રણ વિદ્યાર્થીઓ દત્તક યોજના મુજબ વહેંચી દેવામાં આવ્યા છે. આ શિક્ષકો દ્વારા જે-તે વિદ્યાર્થીઓને જે-તે વિષયનું જરૂરી સાહિત્ય શાળા તરફથી પૂરું પાડી વધારાના વર્ગો લઈ જે-તે વિષયની વિદ્યાર્થીઓને તૈયારી કરાવવામાં જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આમ શાળા તથા વાલીએ સહિયારા પ્રાયસો દ્વારા વિદ્યાર્થીઓના પરિણામનાં સુધાર લાવવાના પ્રયત્નો રૂપે યોજવામાં આવેલી મિટિંગનો યોગ્ય ઉદ્દેશ્ય સાર્થક બને તેવી શાળાના આચાર્યશ્રીએ આશા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન શાળાના શિક્ષકશ્રી ગુણવંતભાઈએ કર્યું હતું.

## ગાંધીજીના જીવનનો સંભવતઃ છેલ્લો સત્તાવાર ઇન્ટરવ્યુ

ઉર્વીશ કોઠારી

ગાંધીજીને નજીકથી જોનાર અને સમજવાનો પ્રયાસ કરનાર વિદેશી પત્રકારોમાં માર્ગારેટ બૉર્ક-વ્હાઇટનું નામ લેવું પડે. વ્યવસાયે તો એ બહાદુર-બાહોશ ફોટોગ્રાફર હતાં. 'લાઇફ' સાપ્તાહિક માટે તેમણે લીધેલી બીજા વિશ્વયુદ્ધની તસવીરો વિના વીસમી સદીની તવારીખ અધૂરી ગણાય. વિશ્વયુદ્ધ પૂરું થયા પછી ૧૯૪૬માં તે ભારત આવ્યાં. ત્યાર પછી ૧૯૪૭-૪૮માં થોડા મહિના માટે ફરી પાછાં આવ્યાં. 'લાઇફ' અને માર્ગારેટ બૉર્ક-વ્હાઇટ થકી ભારતીય નેતાઓ અને જાહેર જીવનના માણસોની આખી ઇન્દ્રસભાની ઉત્તમ તસવીરો આપણને મળી, જે સામાન્ય સંજોગોમાં ન લેવાઇ હોત અથવા અત્યારે મળી શકે એ રીતે ન સચવાઇ હોત.

જેમ કે, ગાંધીજીનાં બહેન રળિયાતબહેનની તસવીર, સમાજવાદી નેતા યુસુફ મહેરઅલીની કે જયપ્રકાશ નારાયણની ઉત્તમ તસવીરો, સરદાર પલંગ પર અને મણિબહેન નીચે બેઠાં હોય એવી, છાયા-પ્રકાશનું જાદુઇ સંયોજન ધરાવતી તસવીરોની સિરીઝ, કે પછી મુંબઇ કોંગ્રેસના નગીનદાસ માસ્ટરની ધ્વજને સલામી આપતી તસવીર...આ યાદી ઘણી લાંબી છે. એ સિવાય ગાંધીજીની સૌથી યાદગાર તસવીરોમાંની એક (ચરખાના ચક્રની પછવાડે બેઠેલા ગાંધીજી) અને સરદાર પટેલનો સૌથી જાણીતો ક્લોઝ-અપ પણ માર્ગારેટ બોર્ક-વ્હાઇટના કેમેરાની કમાલ છે.

માર્ગારેટ બૉર્ક-વ્હાઇટની તસવીરકળા જુદા લેખનો વિષય છે. આ લેખમાં વાત છે ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે તેમણે લીધેલા ગાંધીજીના, સંભવતઃ છેલ્લા, ઇન્ટરવ્યુની. 'હું ઑટોગ્રાફ લેવાની શોખીન નથી' એવું જાહેર કર્યા પછી માર્ગારેટે લખ્યું કે 'ગાંધીજીના બે ફોટા 'બનાવવામાં' એટલો કકળાટ પડ્યો હતો કે એ બે પર મારે ગાંધીજીના હસ્તાક્ષર લેવા હતા.' તેના માટે ૨૯ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ એ ગાંધીજીને મળ્યાં. હસ્તાક્ષર માગ્યા એટલે ગાંધીજીએ તરત કહ્યું, 'એક (હસ્તાક્ષર)ના પાંચ રૂપિયા થશે.'

માર્ગારેટે આશ્ચર્યનો આંચકો ખાઇને પર્સમાંથી દસનું પત્તું કાઢ્યું. એટલે ગાંધીજીએ સમજાવ્યું કે 'આ હરિજન ફંડ માટે છે' અને એ વિશે થોડી વધુ વાત કરી. માર્ગારેટ બૉર્ક-વ્હાઇટ જાણતાં હતાં, પણ એ ચૂપ રહ્યાં. પછી તેમણે કહ્યું કે 'આવતી કાલે મારો છેલ્લો દિવસ છે.' અને ઘણા વખતથી તેમના મનમાં ઘોળાતા કેટલાક સવાલના જવાબ મેળવવા માટે ગાંધીજીની મુલાકાત માગી. કહ્યું કે 'હું ભારત વિશે એક પુસ્તક લખી રહી છું.'

'કેટલા વખતથી પુસ્તકનું કામ ચાલે છે?' ગાંધીજીએ પૂછ્યું.

'બે વર્ષથી.'

'અમેરિકન એક ચોપડી પર બે વર્ષ સુધી કામ કરે એ બહુ કહેવાય.' ગાંધીજીએ મજાક કરી. પછી ગંભીરતાથી કહ્યું કે અગાઉ કૅથરિન મેયો નામનાં એક અમેરિકન બહેન તેમના પુસ્તક માટે ઇન્ટરવ્યુ લઇ ગયાં હતાં.

કૅથરિનના પુસ્તક 'મધર ઇન્ડિયા' પર ભારતમાં પસ્તાળ પડી હતી. 'ગટર ઇન્સ્પેક્ટરનો રિપોર્ટ' જેવું વિશેષણ પામેલું આ પુસ્તક અધકચરી હકીકતો અને જૂઠાણાંને કારણે માર્ગારેટ બૉર્ક-વ્હાઇટને પણ ઘણું નડ્યું હતું. તેમણે લખ્યું છે કે 'લોકોને વાંચતાં પણ ન આવડતું હોય એવાં સ્થળે એ પુસ્તકની છાપ મને નડી હતી.' ગાંધીજીએ માર્ગારેટ પાસેથી એ બોલાયેલા શબ્દોમાં તોડમરોડ નહીં કરે એનું વચન માગ્યા પછી મળવાનું કબૂલ્યું અને ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ એ મુલાકાત ગોઠવાઇ. 'હાફવે ટુ ફ્રીડમ - અ રિપોર્ટ ઑન ધ ન્યૂ ઇન્ડિયા ઇન ધ વર્ડ્ઝ એન્ડ ફોટોગ્રાફ્સ ઑફ માર્ગારેટ બૉર્ક-વ્હાઇટ' / Halfway to Freedom - A Report On the New Indian In the Words and Photographs of Margaret Bourke-White (૧૯૪૯)માં ગાંધીજી સાથેની મુલાકાતનું વિગતવાર વર્ણન મળે છે.

તેમનો પહેલો જ સવાલ હતો, 'ગાંધીજી, તમે હંમેશાં સવા સો વર્ષ જીવવાની વાત કરો છો. એ આશા તમને ક્યાંથી મળે છે?'

ગાંધીજીએ કહ્યું,'મેં એ આશા છોડી દીધી છે. વિશ્વમાં એવા ભયંકર બનાવો બની રહ્યા છે. મારે અંધકાર અને પાગલપણાની વચ્ચે જીવવું નથી.'

વાતચીત દરમિયાન ગાંધીજી ચરખો કાંતતા હતા. માર્ગારેટે બીજો સવાલ પૂછ્યો કે તેમના મતે સારો 'ટ્રસ્ટી' કોણ? ગાંધીજીનો જવાબ હતોઃ 'જે ટ્રસ્ટીશીપના સિદ્ધાંતોનું શબ્દો અને હાર્દથી પાલન કરે.'

'કોઇ ભારતીય ઉદ્યોગપતિ એ પ્રમાણે વર્તે છે?'
'મારી જાણમાં કોઇ નથી.'

માર્ગારેટે સવાલને વધારે અણીદાર બનાવતાં પૂછ્યું, 'ધારો કે તમારી નજીકના વર્તુળમાંથી કોઇ કહે કે મારે ટ્રસ્ટી થવું છે, તો તમે એને શું કહેશો?' તેમને બિરલાના દેખીતા વિરોધાભાસ અને ગાંધીજીની તેમની સાથેની નિકટતા સમજાતાં ન હતાં.

ગાંધીજીએ કહ્યું, 'એના માટે દૂર જવાની જરૂર નથી. આ ઘરના માલિક (બિરલા) જ છે. એ ટ્રસ્ટી થવા પ્રયાસ કરે છે. એ એકલા નથી. બીજા ઘણા છે, જે મારા કહ્યા પ્રમાણે ટ્રસ્ટી થવા પ્રયાસ કરે છે. હું આશા રાખું છું કે એ મને છેતરે નહીં. પછી હળવેકથી, 'જાણે પોતાના મનનો લાંબા વખતથી ભીડાયેલો દરવાજો ખોલીને તેમાં ડોકિયું કરતા હોય એમ' ગાંધીજીએ કહ્યું, 'મને લાગશે કે બિરલા મને છેતરી રહ્યા છે, તો હું એમના ઘરમાં નહીં રહું. હું અહીં છું કારણ કે એ જે કહે છે તે હું માનું છું. હું એમને લાંબા સમયથી ઓળખું છું- (પછી વર્ષો ગણીને)- બત્રીસ વર્ષથી- અને હજુ એ મને છેતરવાના અપરાધી લાગ્યા નથી.'

બિરલાની ફેક્ટરીઓમાં કામદારોની અસંતોષકારક દશા જોઇ ચૂકેલાં માર્ગારેટને આ જવાબોથી પૂરો સંતોષ ન થયો. ગાંધીજી રહેતા હતા એ જગ્યાએથી થોડે દૂર આવેલી બિરલા ફેક્ટરીની મુલાકાત લઇને માર્ગારેટે એક અલગ પ્રકરણ લખ્યું હતું. ગાંધીજી એ કેમ જોઇ શકતા નહીં હોય? એવું તેમને થયું, પરંતુ માર્ગારેટે નોંધ્યું છે કે 'આંખ આડા કાન કરવાની વૃત્તિ ફક્ત ગાંધીજી પૂરતી સીમિત નથી. ઊચ્ચ આદર્શો ધરાવતા ઘણા ભારતીય નેતાઓમાં જોવા મળે છે અને પશ્ચિમી જગત પણ એનાથી પર નથી.' અલબત્ત, દેખીતી વિસંગતિ છતાં ગાંધીજીનું સત્ય માટેનું વળગણ વાસ્તવિક હતું, એવું પણ તેમણે લખ્યું. એ માટેની તેમણે તારવેલી સમજૂતી એવી હતી કે ગાંધીજી ફક્ત બિરલા કે તમામ ઉદ્યોગપતિઓનું નહીં, એ મશીનયુગ પહેલાંની 'ઓલ્ડ ઑર્ડર' (જૂની વ્યવસ્થા)નું રક્ષણ કરવા માગતા હતા. સમાજનું માળખું બદલવાની તેમની કોઇ મહત્ત્વાકાંક્ષા ન હતી. એ માણસના મનને બદલવા માગતા હતા. દરેક માણસના મનમાં રહેલી સદ્‌વૃત્તિને એ સ્પર્શવા માગતા હતા.' ગાંધીજીએ કહ્યું, 'આ સજ્જનો (ઉદ્યોગપતિઓ)માંથી થોડાને હું કહું કે તમારે તમારું સર્વસ્વ આપી દેવાનું છે, તો એમની ખરી કસોટી થાય. ત્યાર પછી મારી સેવાની મુદત પણ પૂરી થઇ જાય.'

'એવું કેમ?'

'કારણ કે એ લોકો કહેશે, 'અમને ખબર નહીં કે અંદરથી એ (ગાંધીજી) સરમુખત્યાર, હિટલર હતા (જેમણે આવો આપખુદ હુકમ આપ્યો).'

મશીનો વિશેની ચર્ચામાં ગાંધીજીએ માર્ગારેટને કહ્યું હતું કે ભારત જેવા દેશની મોટી જનસંખ્યા માટે સ્વાવલંબન એ જ સુખનો રસ્તો છે. માર્ગારેટને સૌથી વધારે ઉત્સુકતા અણુબૉમ્બ વિશે ગાંધીજીનો અભિપ્રાય જાણવાની હતી. બીજા વિશ્વયુદ્ધનો અંત અણુબોમ્બથી આવ્યો હોવાને કારણે, એ નવા સંહારક શસ્ત્રની ચકચાર શમી ન હતી. ગાંધીજીએ અગાઉ પ્રાર્થનાસભામાં કહી ગયા હતા, એ જ વાત માર્ગારેટને કરી, 'હું અન્ડરગ્રાઉન્ડ આશ્રયમાં જતો રહેવાને બદલે ખુલ્લામાં ઊભો રહીશ, જેથી પાયલટ મને જોઇ શકે અને હું પ્રાર્થના કરતાં કરતાં અણુહુમલામાં મૃત્યુ વહોરીશ. પાયલટ જોશે કે મારા ચહેરા પર તેના માટે કશો ધિક્કાર નથી.'

પછી તરત ગાંધીજીએ કહ્યું, 'મને ખબર છે કે એટલી ઊંચાઈથી પાયલટને અમારા ચહેરા દેખાય નહીં.પણ પાયલટ અમને નુકસાન નહીં કરે એવી અમારા હૃદયની ભાવના એના સુધી પહોંચશે અને એની આંખ ઉઘડશે. હિરોશિમામાં મૃત્યુ પામેલા હજારો લોકોમાં જો આ રીતે ખુલ્લામાં, હૃદયમાં પ્રાર્થના સાથે મૃત્યુ પામ્યા હોત, તો યુદ્ધનો આવો નામોશીભર્યો અંત ન આવ્યો હોત. અત્યારે તો વિજેતાઓ ખરેખર વિજેતા છે કે કેમ એ સવાલ છે...આ યુદ્ધ પછી વિશ્વ શાંતિમય નહીં, વધારે ખતરનાક થયું છે.'

આ ચર્ચાના થોડા કલાક પછી, ગાંધીજીની હત્યા થઇ. અગાઉ ગાંધીજીના ઉપવાસને લીધે અમેરિકા જવાનું પાછું ઠેલનાર માર્ગારેટ બૉર્ક-વ્હાઇટે ફરી એક વાર, છેલ્લી વાર, તેમનું સ્વદેશગમન મોકૂફ રાખ્યું અને ગાંધીજીની અંતિમ યાત્રાની કેટલીક યાદગાર તસવીરો લીધી.

પુસ્તકના અંતિમ પ્રકરણનાં અંતિમ વાક્યોમાં માર્ગારેટે લખ્યું,'ચિતાની જવાળા સમક્ષ રાત ગુજારતી વખતે મને એવું માનવું ગમે છે કે ત્યાં રહેલાં લાખો હૈયામાં એક નાનકડી જ્યોત જલતી હશે. બળજબરીથી નહીં, પણ આંતરિક પરિવર્તનથી એ લોકો સચ્ચાઇના રસ્તે ચાલશે, જે ગાંધીજી ઇચ્છતા હતા. સહનશીલતા અને એકતા માટેનું તેમનું સર્વોચ્ચ બલિદાન ભારત માટે ટર્નિંગ પૉઇન્ટ નીવડી શકે છે. તેમણે અંધકારમાં ઉજાસ પ્રગટાવવા માટે પોતાની જિંદગી આપી દીધી.'

વાસ્તવમાં, આઝાદ ભારત માર્ગારેટ બૉર્ક-વ્હાઇટના આશાવાદથી ગોડસેના મંદિર સુધીનો રસ્તો કાપી ચૂક્યું છે.

('ગુજરાત સમાચાર'માંથી સાભાર)

## ઉડાન-૨૦૧૫: યુવક મહોત્સવ

### સેમકોમ ચેમ્પિયન, એમ.બી. પટેલસાયન્સ અને ડી.એન. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર રનર્સ-અપ

**કૃષ્ણ પડિયા**

ઉડાન-૨૦૧૩ની સફળતા બાદ ૨૦૧૪-૧૫ના શૈક્ષણિક વર્ષની તા. ૨૭ થી તા. ૨૯ જાન્યુઆરી દરમ્યાન યોજાયેલ ઉડાન-૨૦૧૫માં કુલ ૨૮ કોલેજીસના ૧૨૨૪૮ વિદ્યાર્થીઓએ ૩૪ સ્પર્ધાઓમાં ભાગીદારી નોંધાવી પોતાની પ્રતિભા બતાવી હતી. ગયા વર્ષે યોજાયેલ યુવક મહોત્સવમાં ૩૧ સ્પર્ધાઓ હતી. જ્યારે આ વર્ષે ત્રણ સ્પર્ધા- ઈમ્પ્રુવાઈઝેશન, ક્રિએટીવ ડાન્સને સૉલો અને ગ્રુપ એમ બે ભાગમાં વહેંચેલ જ્યારે ઓડિયા-વિઝ્યુઅલ માં એડમેકીંગની સ્પર્ધા વધારી કુલ ૩૪ સ્પર્ધાઓનું જૂથ તૈયાર કરવામાં આવેલું.

ગત ૨૭ જાન્યુઆરીની સવારે ૭:૪૫ કલાકે ભાઈકાકા સ્ટેચ્યુ પર મેળા સ્વરૂપે એકઠા થયેલ યુવાધન જુદી-જુદી વેશભૂષાઓથી સજ્જ ભારતના જુદા-જુદા પ્રાન્તની સંસ્કૃતિને તેમજ ગુજરાતની ધરોહરની ઝાંખી સાથે, તો કોઈ સ્વચ્છતા અભિયાન જેવા સામાજિક જાગરણને લગતા ટેબ્લો તૈયાર કરી, વાતાવરણ દૂષિત ન થાય તેને ધ્યાનમાં લઈ ઊંટગાડીમાં સરઘસ કાઢી આણંદના ટાઉન હોલ પર પહોંચ્યું હતં.

બરોબર સાડાદશના ટકોરે ઈલસાસના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ ગણેશ વંદનાની સાથે ચારુતર વિદ્યામંડળના ચેરમેન શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ. પટેલની અધ્યક્ષતામાં અને આણંદ નગરપાલિકાના પ્રમુખશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, ચા.વિ.મં.ના માનદ મંત્રી પ્રિ.એસ.એમ. પટેલ, મંત્રીગણ, ડૉ. જે.ડી.પટેલ, ડૉ. એસ.જી. પટેલ, પ્રિ.આર.સી. દેસાઈ તેમજ શ્રીરામકૃષ્ણ સેવામંડળનાં સેક્રેટરી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ તથા શ્રી આર.પી. પટેલ, ચરોતર એજ્યુકેશન સોસાયટીના ચેરમેન શ્રી નીરવભાઈ પટેલ અને સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસના કેમ્પસ ડાયરેકટર ડૉ. વશિષ્ઠ દ્વિવેદીની ઉપસ્થિતિમાં ઉડાન-૨૦૧૫ના ચેરમેન- સી.વી.એમ. કૉલેજ ઓફ ફાઈન આર્ટ્સના આચાર્ય શ્રી કનુ પટેલે ઉડાન-૨૦૧૫નો પરિચય આપ્યો હતો. જ્યારે ઈલસાસના આચાર્ય ડૉ.સન્ની થોમસે મહાનુભાવોનો પરિચય આપી સ્વાગત કર્યું હતું. મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી રંગબેરંગી ફુગ્ગાઓને હવામાં છોડી યુવાનોને સંદેશો આપેલ કે તમે પણ આ ફુગ્ગાઓની માફક ખુલ્લા અવકાશમાં વિહરો અને તમારી પ્રતિભાના શિખરો સર કરો.

મુખ્ય અતિથિ આણંદ નગરપાલિકાના પ્રમુખ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલે પ્રસંગોચિત ખૂબ જ ટૂંકું અને સચોટ વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓની કોઈપણ પ્રવૃત્તિઓમાં સહભાગી થવું અને ગમે છે એટલે ક્યારેય પણ નિઃસંકોચ પણે તમો અમારી પાસે આવી શકો છો. જેને વિદ્યાર્થીગણે તાળીઓથી વાધાવી લીધેલ. ચારુતર વિદ્યામંડળના ચેરમેને ઉડાન-૨૦૧૫ના ઉદ્‌ઘાટન પછી અધ્યક્ષીય વક્તવ્ય આશીર્વાદ આપી કર્યું હતું અને કહ્યું હતું કે વિદ્યાર્થીઓની આ પ્રવૃત્તિ તેના વિકાસમાં અનોખો ભાગ ભજવતી હોય છે. આમ કહી તેમણે ઉડાન-૨૦૧૫ને ખુલ્લું મૂક્યાનું જાહેર કર્યું. ઉદ્‌ઘાટન સમારંભની આભાર વિધિ ઉડાન-૨૦૧૫ના કો-ઓર્ડિનેટર કૃષ્ણ પડિયાએ કરી હતી.

તા.૨૭: પ્રથમ દિવસની સ્પર્ધાઓમાં ટાઉન હોલ ખાતે સ્કીટ અને ઈમ્પ્રુવાઈઝેશન તેમજ સાંજે શોર્ટ ફિલ્મ અને એડ મેકીંગની સ્પર્ધાનું સ્ક્રીનીંગ કર્યું, જ્યારે ઉપર કોરીકોટમાં ક્લેમોડલીંગની સ્પર્ધાનું આયોજન થયેલું. આણંદ આર્ટ્સ કોલેજની લાઈબ્રેરી હૉલમાં ઓન ધ સ્પોટ પેઈન્ટીંગ અને કાર્ટૂનિંગની સ્પર્ધા તેમજ રૂમનં. ૧૦૬માં કાવ્ય લેખન તેમજ કાવ્ય પઠનની સ્પર્ધા હતી. ચરોતર એજ્યુકેશન સોસાયટીના ગાંધી હોલમાં શાસ્ત્રીય તંતુવાદ્ય, શાસ્‌ત્રીય તાલ વાદ્ય અને શાસ્ત્રીય કંઠય સંગીતની સ્પર્ધાઓ સાથે દિવસની પૂર્ણાહૂતિ થઈ હતી.

તા. ૨૮: દિવસની સ્પર્ધાઓની શરૂઆત માઈમ, મિમિક્રી, મોનો એક્ટીંગ અને એકાંકી ટાઉન હોલમાં અને બહાર કોરીડોર અને ખુલ્લા મેદાનમાં ઈન્સ્ટોલેશનનું આયોજન થમું હતું. જ્યારે આણંદ આર્ટ્સ કૉલેજના લાઈબ્રેરી હોલમાં કૉલાજ, સ્પોટ ફોટોગ્રાફી અને રંગોળીની સ્પર્ધા હતી જ્યારે રૂમ નં. ૧૦૬માં ડિબેટ, એક્સટેમ્પોર અને ઈલોક્યુશનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું. ચરોતર એજ્યુકેશન સોસાયટીના ગાંધી હોલમાં વેસ્ટર્ન મ્યુઝિકની સોલો અને ગ્રુપ ઈવેન્ટ ઉપરાંત ક્રિએટીવ ડાન્સના સોલો અને ગ્રુપ ઈવેન્ટની સાથે સાથે ક્લાસિકલ ડાન્સની સ્પર્ધાઓથી દિવસનું સમાપન થયું હતું.

તા. ૨૯: યુવક મહોત્સવ દરમ્યાન દરેક વિદ્યાર્થીઓ જેની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા હોય છે તે સ્પર્ધા ફોક ડાન્સથી ત્રીજા દિવસની શરૂઆત ટાઉન હોલ ખાતે થઈ છે. ક્વિઝ નો પહેલો તબક્કો આણંદ આર્ટ્સ

કોલેજના રૂમ નં. ૧૦૬માં યોજાઇ છે. જ્યારે ચરોતર એજ્યુકેશન સોયટીના ગાંધી હોલમાં એટલી જ મહત્ત્વની સ્પર્ધા ભારતીય સમૂહગાન તેમજ હળવું કંઠ્ય સંગીતની સ્પર્ધા યોજાયેલી. બપોરના ખાણાના સમય પછી ટાઉનહોલ ખાતે ક્વીઝનો બીજો અને છેલ્લો તબક્કો શરૂ થયેલો, આ સ્પર્ધા સમગ્ર યુવક મહોત્સવની છેલ્લી સ્પર્ધા હતી.

વસંતની ઢળતી ગુલાબી સાંજે ઉડાન-૨૦૧૫ યુવક મહોત્સવનો સમાપન સમારંભ ટાઉન હોલ ખાતે યોજાયો. પોતે પ્રસ્થાપિત કરેલી પોતાની પ્રતિભાનું મૂલ્યાંકન રાષ્ટ્રીય તેમજ આંરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા નિર્ણાયકો દ્વારા થઇ ચૂક્યું હતું અને તેનું પરિણામ જાણવા યુવાનોની આતુરતા વધતી જતી હતી અને છેલ્લે એ ઘડી પણ આવી ગઇ. સૅમકોમના વિદ્યાર્તીઓ દ્વારા પ્રાર્થના બાદ ઉડાન-૨૦૧૫ના ચેરમેન શ્રી કનુ પેટલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. જ્યારે શ્રી જીજ્ઞેશ ત્રિવેદીએ પરિચય આપેલો. વસંતના મઘમઘતા ફૂલોની સાથે ઉડાન-૨૦૧૫ની યાદગીરી દરેક મહેમાનોને આપવામાં આવી હતી. ઇલસાસના અધ્યાપક ડૉ. નિનાદ ઝાલા એ ઉડાન-૨૦૧૫નો અહેવાલ રજૂ કર્યો હતો.

ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ.એમ. પટેલ સાહેબની અધ્યક્ષતામાં અને એસ.એન.ડી.ટી. કૉલેજ, મુંબઇના સાહિત્ય ક્ષેત્રે બહુનામી, ફિલ્મ અને નાટ્ય વિવેચક ડૉ. સત્યદેવ ત્રિપાઠી મુખ્ય અતિથિ રૂપે ઉપરાંત આણંદ નગરપાલિકાના પ્રમુખશ્રી પ્રજ્ઞેશભાઇ, શ્રી રામકૃષ્ણ સેવા મંડળના શ્રીમતી જયોત્સનાબહેન, ચરોતર એજયુકેશન સોસાટીના મંત્રી શ્રી કેતન પટેલ (કેડી) અને સરદાર પટેલ એજયુકેશન કૅમ્પસના ડૉ. વશિષ્ઠ દ્વિવેદીની હાજરીમાં યોજાયેલ સમાપન સમારંભ વિદ્યાર્થીઓની ઉત્સાહિત કિકિયારીઓથી ભરેલો હતો.

ડૉ. સત્યદેવ ત્રિપાઠી આ બહુઆયામી સ્પર્ધાઓનો મહોત્સવ જોઇ ગદગદ થઇ ગયા હતા અને તેઓએ કહ્યું હતું કે- આટલો વિશાળ મહોત્સવ મેં મુંબઇમાં પણ નથી જોયો અને અહીં આવ્યો ત્યારે પણ નહોતું વિચાર્યું કે આટલાં નાના શહેરમાં આ પ્રકારનું આયોજન થતું હશે. સમારંભના અધ્યક્ષ પ્રિ.એસ.એમ. પટેલ સમગ્ર આયોજનની સરાહના કરતાં જણાવ્યું હતું કે ગયાવર્ષ કરતાં પણ આ વર્ષે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારે જોવા મળ્યો છે અને તેઓએ પોતાની પ્રતિભા વિકસાવી છે તેવું તારૂશ્ય થાય છે.

અધ્યક્ષીય વક્તવ્ય બાદ નાટ્યક્ષેત્રે પ્રખ્યાત ડૉ. નવનીત ચૌહાણે સમારંભના સંચાલનનો દોર હાથમાં લઇ સ્પર્ધાઓના નિર્ણયની જાહેરાત શરૂ કરતા આખો સભાખંડ તાલીઓ અને કિકિયારીઓથી ગૂંજી ઊઠ્યો હતો. દરેક સ્પર્ધામાં પ્રથમ ત્રણ આવેલ વિદ્યાર્થીઓને મંચસ્થ મહાનુભાવોના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ઉડાન-૨૦૧૫ યુવક મહોત્સવની ચેમ્પિયનશિપ ટ્રોફી સૅમકોમના ફાળે ગઇ હતી. જ્યારે એમ.બી. પટેલ સાયન્સ કૉલેજ અને.ડી.એન. ઇન્સ્ટિટ્યુટ ઓફ કૉમ્પ્યુટર એપ્લિકેશન અનુક્રમે પ્રથમ અને દ્વિતિય રનર્સ અપ રહી હતી. સમાપન સમારંભની ભાવવિભોર આભારવિધિ ઉડાન-૨૦૧૫ના કૉ-ઓર્ડિનેટર કૃષ્ણ પડિયાએ કરી હતી.

ત્રિ દિવસીય યુવા મહોત્સવ ખૂબ જ શાંતિ અને સફળતાપૂર્વક સમ્પન્ન થયો હતો. યુવાનોના જોમ અને ઉત્સાહે વસંતના વાતાવરણને વધુને વધુ રંગોથી ભરી દીધું હતું.

**આયુર્વેદ કૉલેજનો એથ્લેટિક્સમાં ઉત્કૃષ્ટ દેખાવ**

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા જામનગર ખાતે ૨૧ અને ૨૨ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ ૨૮માં ખેલકૂદ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતેની જી.જે. પટેલ આયુર્વેદ કોલેજનાં ૮ વિદ્યાર્થી ભાઇઓ અને ૭ વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો. બીવી.એમ. કૉલેજ ઓફ એન્જિનિયરિંગના ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર શ્રી વિશાલ સુથારે કોચ તરીકે કામગીરી બજાવી હતી. ભાઇઓએ ૪૦૦મી, ૮૦૦મી, ૧૫૦૦ મી, ૫૦૦૦મી, ૪ ૧૦૦ મી. રીલે અને ૪ ૪૦૦ મી રીલે એમ દોડની કુલ ૬ સ્પર્ધામાં ૧૨ ગોલ્ડ મેડલ તથા ૪૦૦ મી, ૫૦૦૦ મી દોડ અને લાંબી કૂદમાં ૩ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. બહેનોએ ૨૦૦ મી, ૪૦૦મી અને બરછી ફેંકમાં ૩ બ્રોન્ડ મેડલ મેળવ્યા હતા. આમ ૧૨ ગોલ્ડ મેડલ તથા ૬ બ્રોન્ડ મેડલ એમ કુલ ૧૮ મેડલ સાથે જનરલ ચેમ્પિયનશિપમાં દ્વિતીય સ્થાન મેળવેલ છે. આ તકે સ્પોર્ટસ ઇન્ચાર્જ ડૉ. અભિષેક પાટલીયા અને ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. એસ.પી. નાવડીયાએ દરેક સ્પર્ધકને અભિનંદન પાઠવ્યાં હતાં અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

## सीवीएम राष्ट्रीय कला प्रदर्शनी-२०१५

रोशन चौबीसा

विगत १२ फरवरी से वल्लभ विद्यानगर स्थित सीवीएम कालेज ओफ फाईन आर्टस के प्रांगण में छः दिवसीय सीवीएम अखिल भारतीय कला प्रदर्शनी का आयोजन किया गया। इसका उद्घाटन चारूतर विद्यामंडल के अध्यक्ष डॉ. सी.एल. पटेल की अध्यक्षता में राजस्थान से बतौर मुख्य अतिथि एवं समकालीन कला के वरिष्ठ चित्रकार सुरेश शर्मा, विद्यामंडल के सचिव श्री एस.एम. पटेल और हाल ही में गुजरात गौरव सम्मान से सम्मानित श्री अजीत पटेल ने दीप प्रज्वलन कर किया। प्रदर्शनी के इस समारोह में राज्य के सुप्रसिद्ध चित्रकर्मी और रंगमंच धर्मी तथा स्थानीय कॉलेज के प्राचार्यश्री कनुभाई पटेल ने आयोजन के मुख्य लक्ष्य पर प्रकाश डालते हुए दृश्य कला के विद्यार्थियों को समकालीन कला के सतत परिवर्तितत हो रहे नवीन कला मूल्यों और अर्थों से रूबरू कराते हुए उन्हें कला की नवीन धारा से जोडने का आव्हान किया।

यह केवल आणंद ही नहीं अपितु पूरे गुजरात राज्य के कला इतिहास का पहला मौका था, जहाँ पूरे देश के चुनिंदा कलाकारों की भिन्न-भिन्न माध्यमों में सृजित पाँच सौ रेखांकन, चित्र, शिल्प और मुद्रण कला की कृतियाँ एक स्थान पर प्रदर्शित की गई। इतने व्यापक स्तर पर प्रदर्शनी का मुख्य लक्ष्य-स्थानीय दृश्य-कला-विद्यार्थियों को समकालीन कला-धारा से जुडने के लिए एक मंच प्रदान करना, जहाँ वह एक ही स्थान पर देश भर से आयी कलाकृतियों को अपने अनुभवी प्राध्यापकों के मार्गदर्शन में समझे तथा बदलते कला परिवेश में कलाकारों द्वारा प्रयुक्त नित-नवीन तकनिकों तथा अन्तराल के आयामों से रूबरू होकर अपने कृतित्व में नयी सम्भावनाओं को तराश सके।

इस प्रदर्शनी के व्याावसायिक एवं विद्यार्थी दोनों ही वर्गों में ग्रांड-प्राईझ सहित प्रथम, द्वितीय एवम् तृतीय और उसी क्रम में केश पुरस्कार तथा सर्टिफिकेट पुरस्कारों से कुल चालीस कलाकारों को उनेक कृतित्व के लिये पुरस्कृत किया गया। व्यावसायिक श्रेणी का ग्रांड-प्राईझ उदयपुर राजस्थान के राकेश कुमार सिंह को दिया गया। उसमें राकेश ने सम्भवतः सृष्टि की निरन्तरता हेतु प्रयुक्त होने वाली ऊर्जा से सरोबार अपनी भावनाओं को तक्षण-कौशल तथा बेहतरीन क्राफ्टमेनशीप के जरिये नायाब रूप से मूर्त रूप दिया है। यहाँ कलाकार की पत्थर पर बारिक कारीगीरी और अन्तिम फिनिशिंग ने दर्शकों को अपनी और खुब आकर्षित किया। उधर, विद्यार्थी वर्ग में ग्रांड-प्राईज विनर कलकत्ता के विक्रम दास की कृति 'प्लेट फुल मेमरिझ' में ब्रोंज को माध्यम रूप में अपनाकर अपने संयोजन में एक गजबका संतुलन पैदा किया। इस में शिल्पाकृति पर आरोपीत दो पुरुष। कृतियों का केन्द्र की ओर झांकना, मानों कलाकार अपने बीते कल में डुबकियाँ लगाकर वर्तमान को नियंत्रित करने के प्रयास में लगा हुआ।

प्रदर्शनी में प्रदर्शित प्रायः सभी शिल्पाकृतियाँ दर्शकों के लिए रहस्यमय और एक नयी पहेली बनकर प्रस्तुत रहीं। प्रातिक मिस्त्री मीना कुमारी दामरे जैसे कुछ कलाकारों की कृतियाँ, 'अनटाइटल्ड' शीर्षक होने के बावजूद अपना विषय-वस्तुगत स्वभाव से स्वयं को परिचय कराते हुए दर्शकों को अपनी प्रकृति के अनुकूल अपील करती रहीं। जब कि कुछ कृतियाँ सशीर्षक होने के बावजूद भी दर्शकों को विषय-वस्तुगत नवीन सम्भावनाओं को सोचने के लिए मजबूर करती रहीं। प्रदर्शनी में धीरज मन ध्यानी की कृति 'द गेम्बलर' अपने संयोजन को लेकर दर्शकों के मन को खुब भायी। जहाँ प्रदर्शनी में प्रदर्शित मूर्तिशिल्प दर्शकों के दिलों-दिमाग में रहस्य और कौतुहल पैदा करते रहे, वहीं विविध माध्यमों में बनी चित्रकृतियों तथा ड्राय-पोन्टस, केलोग्राफी, एचिंग, सेरीग्राफी आदि माध्यमों में सृजित-कृतियों के साथ दर्शकों को कलाकृति के समरुप होकर तकनीकी-परिष्कार, रंग-संगती और संयोजन के विविध आयामों को सजगता से निहारते एवम् उस पर चर्चायें करते पाया गया। कला दीर्धा में बिजय बेसवाल और अनुराधा ठाकुर द्वारा एक्रेलिक माध्यम से सृजित क्रमशः 'रश आँवर' तथा 'सेरेडीटी-२५' समसामयिक परिवेश में जहाँ अपने अस्तित्व से दर्शकों को अपनी और आकृष्ट करने की चेष्टा करती प्रतीत हुई, वहीं राहुल गज्जर का डीजिटल प्रिंट और मदन किशन पँवार का एक्रेलिक माध्यम में सृजित संयोजन-दर्शकों को शीर्षक की मर्यादा को लाँधकर सोच को विस्तार देने हेतु उत्साहित करते रहें। प्रदर्शनी में पल्लवी मजुमदार, सुरभी गुलवेलकर, अभिलाषा भावसार, कविता सोनी, मनहर कपाडिया, रोशन चौबीसा, सुख टन्डन, सोमा जन्नत, अभिषेक वर्मा, अलकेश कुमार कोकाणी, विजय धोरे, समीध पालीवाल, राजेश राठवा, इंदु त्रिपाठी, हेमा विश्वकर्मा, लक्ष्मण रॉय, उदय पटेल आदि की कलाकृतियों की दर्शकों ने खूब सराहा, इनकी चर्चा प्रदर्शनी प्रांगण से बाहर सडकों तक सुनी गई।

सारांशतः सीवीएम नेशनल आर्ट एक्जीबिशन सीवीएम कॉलेज ऑफ फाईन आर्ट्स के प्राचार्य श्री कनुभाई पटेल और उनकी टीम का एक भगीरथ प्रयथीस ही कहा जा सकता है कि गैर-परम्परागत माहौल में इतना व्यापक स्तर पर विविध माध्यमों में सृजित कलाकृतियों का संगम करा कर न केवल दृश्य-कला-विद्यार्थियों बल्कि स्थानीय जन मानस को बदलते कला-परिवेश का भान कराया, उनमें इसके प्रति उत्साह जागृत कराया।

(सी-३, स्टाफ क्वाटर्स, नर्मदावास के पास, वल्लभ विद्यानगर)

## સ્મૃતિ એટલે સ્મરણ

**પારુલટીના દોશી**

**શ્રુતિસ્તુ વેદો વિજ્ઞેયો, ધર્મશા તુ વૈ સ્મૃતિઃ ।**
**તે સર્વાર્થેષ્વમીમાંસ્યે, તાભ્યાં ધર્મો હિ નિર્જમૌ ॥**

મનુસ્મૃતિના આ શ્લોકનો અર્થ છેઃ શ્રુતિ એટલે વેદ અને સ્મૃતિ એટલે ધર્મશાસ્ત્ર એમ જાણવું. સર્વ બાબતોમાં એ કુતર્કનો અવિષય છે કેમ કે એ બન્નેથી ધર્મ પ્રકાશ્યો છે.[૧]

આ શ્લોક અનુસાર મનુએ વેદો પછી સ્મૃતિઓને જ ધર્મનો આધાર માની છે. જે રીતે વેદ ભારતીય સંસ્કૃતિના આધારગ્રંથ છે, એ જ રીતે સ્મૃતિઓ પણ છે. જે વેદો અને સ્મૃતિઓમાંકહેવાયેલા ધર્મનું પાલન કરે છે તે એ લોકમાં યશ તથા પરલોકમાં અનુપમ સુખ પ્રાપ્ત કરે છે. એટલે જ મનુ કહે છે કે શ્રુતિ વેદ છે અને સ્મૃતિ ધર્મશાસ્ત્ર છે. તથા એ બેથી જ ધર્મનો ઉદ્ભવ થયો છે.[૨]

સ્મૃતિ એટલે સ્મરણ. તે શ્રુતિનો સમકક્ષ શબ્દ છે. શ્રુતિ શ્રવણનો વિષય છે અને સ્મૃતિ સ્મરણનો.[૩] વેદ શ્રવણ પરંપરાથી પ્રચલિત રહ્યા તેથી શ્રુતિ કહેવાયા. એ રીતે જે શાસ્ત્રીય નિયમો અને આચારસંહિતાઓ સ્મરણ પરંપરામાં જીવંત રખાયા તે સ્મૃતિ ગણાયાં. પ્રાચીન ઋષિઓએ જે પુરાતન પરંપરાઓનું આત્મસાક્ષાત્કાર દ્વારા સ્મરણ કર્યું તને સ્મૃતિ નામ આપ્યું. એટલે સ્મૃતિ એક પ્રકારે પ્રાચીનપરંપરાઓ એવં આચારશાસ્ત્રનું મૂર્તરૂપ છે.[૪] ડૉ. ભારતી આર્ય સ્મૃતિગ્રંથોને ભારતીય આચારસંહિતા ગણાવે છે.[૫] અતિયા દાનિશના મતે સત્ય તથા જ્ઞાનના ભંડાર વેદ છે અને તેનું પ્રતિપાદન કરે તે સ્મૃતિ સાહિત્ય છે.[૬] એ રીતે ડૉ. સોમનાથ શુક્લ એવું માને છે કે સ્મૃતિ એટલે પરંપરાનું અનુસરણ કરવું તે.[૭] ડૉ. જગન્નાથ પ્રસાદ યાદવના કહેવા પ્રમાણે સ્મૃતિઓ એટલે પ્રાચીન પરંપરાઓ એવં આદર્શોનો સંગ્રહ કે ધર્મશાસ્ત્રની પરંપરાઓનું લિખિતરૂપ.[૮]

પ્રાચીન ભારતીય સાહિત્યમાં સ્મૃતિ શબ્દના જુદા જુદા અર્થ જોવા મળે છે. એ વિશે ડૉ. ઉષા ગુપ્તાએ નોંધ્યું છે કે, એ કાળમાં સ્મૃતિ શબ્દ બે અર્થમાં પ્રયોજાતો. પહેલા અર્થ પ્રમાણે સ્મૃતિ એટલે એ તમામ ગ્રંથ જે શ્રુતિની કોટિમાં ન આવતા, પણ પ્રામાણિક મનાતા. ઉદાહરણ તરીકે પાણિનીનું વ્યાકરણ, શ્રૌત, ગૃહ્ય એવં ધર્મસૂત્ર, મહાભારત, મનુ અને યાજ્ઞવલ્ક્ય વગેરેના ધર્મશાસ્ત્ર. શ્રીમદ્ ભગવદ્ગીતાની ગણના પણ આ કોટિમાં કરવામાં આવતી. બીજા સીમિત અર્થ અનુસાર સ્મૃતિ માત્ર ધર્મશાસ્ત્રોનો પર્યાયવાચી શબ્દ છે. અર્થાત્ એ ગ્રંથ જે ધર્મની વ્યાખ્યા કરે છે અને પ્રામાણિકતામાં વેદો પછી સ્થાન મેળવે છે. આ ગ્રંથ એ ઋષિઓ દ્વારા પ્રણીત મનાય છે. જે વેદોના મર્મને ખૂબ જાણતા તથા જેમણે મનુષ્યના ધર્મનું વર્ણ, આશ્રમ, શક્તિ, પરિસ્થિતિ, કાળ અને યુગ અનુસાર વિસ્તૃત સ્પષ્ટીકરણ કર્યું. આ પ્રકારે ઘણા ગ્રંથ આવશ્યકતા મુજબ સમય સમય પર લખાયા છે.[૯] આ તમામ ગ્રંથ એટલે સ્મૃતિ.

સ્મૃતિઓ હિન્દુઓના વિધિગ્રંથ છે. હિન્દુઓના ધર્મશાસ્ત્ર છે. શ્રુતિઓ પછી સામાજિક વ્યવસ્થાને સુસ્થિર રાખવામાં સ્મૃતિઓનુંસ્થાન મહત્ત્વપૂર્ણ છે. વેદોમાં સૂત્રાત્મક રૂપે જે સામાજિક વિષયોનું વિવેચન થયું છે તે પોતાના મંત્રરૂપમાં જોઈએ તેવા સ્પષ્ટ થયા નથી. તેથી સામાજિક વ્યવસ્થાનેસ્પષ્ટ કરવા એવં તેને સારી રીતે ચલાવવા માટે શ્રુતિઓ પછી સ્મૃતિઓનું સ્થાન મનાયું છે. ડૉ. અચ્યુતાનંદ ધિલ્કિયાલ અને ગોદાવરી ધિલ્કયાલની નોંધ મુજબ સદાચારના નિયમોનું સારી પેઠે સ્મરણ કરીને સામાજિક વ્યવસ્થા ચલાવવાની હતી એકારણસર પણ આ ગ્રંથોને સ્મૃતિ કહે છે.[૧૦]

સ્મૃતિગ્રંથો વેદને જ પોતાનો આધાર માને છે. કારણકે વેદ જ ધર્મનું મૂળ છે. વેદની તુલનામાં સ્મૃતિ વધુ વિસ્તૃત અને સ્પષ્ટ છે. વિધિ કે સંપત્તિ-વિભાજન અંગે સ્મૃતિઓ વધુ સહાયક સિદ્ધ થાય છે. આધુનિક સંપત્તિ વહેંચણીના વિષયમાં પણ સ્મૃતિઓનું મહત્ત્વ સૌથી વધુ છે. હિન્દુ પારિવારિક તથા સાંપત્તિક વિધિમાં આજે પણ કોઈ વિવાદ ઉત્પન્ન થાય તો સ્મૃતિઓ દ્વારા જ તેનું સમાધાન કરવામાં આવે છે. સ્મૃતિઓ વેદની વ્યાખ્યા કરે છે, સાથે જ તત્કાલીન સામાજિક નિયમો અને પરંપરાના આધાર પર નવીન મતોનું પ્રતિપાદન પણ કરે છે. એટલે જ ગૌતમ, વસિષ્ઠ તથા બૌધાયન જેવા પ્રાચીન ઋષિઓ કહે છે કે સ્મૃતિ એટલે વેદનું સ્મરણ.[૧૧]

આ સ્મૃતિગ્રંથો કઇ રીતે ઉદભવ્યાં તેનો પણ ઇતિહાસ છે. એ વિશે અતિયા દાનિશે સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ એક વિવેચનમાં પ્રાગૈતિહાસિક કાળથી

તબક્કાવાર છણાવટ કરી છે. તેમણે નોંધ્યું છે કે, એ કાળના માનવ ઈતિહાસને જોઇએ તો પૂર્વ પાષાણયુગ એ પ્રથમ તબક્કો છે. એ યુગમાં માણસ નામનું પ્રાણી પશુઓની જેમ જ રહેતું. વસ્ત્રહીન, આવાસહીન અને આચ્છાદનહીન. સમાજ નહીં પરિવાર નહીં, ઘર નહીં. ગોત્ર નહીં.... એ પછી આવ્યો નવાપાષણયુગ. આ યુગમાં માણસને એક ઉપલબ્ધિ થઇ. વૃક્ષની ડાળી તેના માટે અમૂલ્ય સંપદા બની ગઇ. બન્યું એવું કે કોઇ પૂર્વયોજના વિના એક ડાળી બીજી ડાળી સાથે ઘસાઇ. અગ્નિના તણખા ઝર્યા અને માનવજીવનમાં ક્રાંતિ આવી ગઇ. અગ્નિના જડવાથી માણસમાં સુરક્ષાની ભાવના જાગી. આત્મવિશ્વાસ જાગ્યો. હાથમાં અગ્નિકવચ આવ્યું તો માથા પર છત્રની આવશ્યકતા ઊભી થઇ. સુરક્ષાના નામે ગુફા એ માનવનું પહેલું ઘર બની. રહેવા માટે ગુફા મળી એટલે માણસ એકલો ન રહ્યો. બધું હતું, પણ સંદર્ભહીન. બંધનહીન. માતા નહીં, પિતા નહીં, ભાઇ નહીં, નામ નહીં. એ સમયે તેના માટે પાષાણે મૂળ રૂપ છોડ્યું. અસ્ત્રનું સ્વરૂપ ધારણ કર્યું. પથ્થરનાં ઘર બન્યાં. પથ્થરનાં શસ્ત્ર બન્યાં. તેને પગલે નવપાષાણયુગ નામ પડ્યું.[૧૨]

માનવ ઈતિહાસના આ પ્રથમ યુગ પછી પશુપાલનનો દ્વિતીય ગુણ આવ્યો. આવશ્યકતા વધી તેમ તેમ આવિષ્કાર થતો રહ્યો. અથવા તો આવિષ્કારોએ માણસની જરૂરિયાત વધારી દીધી. માણસને દૂધ વિશે ખબર નહોતી તો તેની જરૂર પણ નહોતી. પણ પશુઓની નિકટતાને કારણે તેને દૂધાળુ પ્રાણીઓ અંગે જાણ થઇ. તે પશુધનનો સ્વામી બની ગયો. ગાય, બકરી, ભેંસ, ઊંટ અને ઘેટા જેવા પશુઓએ માણસના જીવનમાં ક્રાંતિ આણી. જે માણસ એકલો એકલો ભટકતો હતો તે નાના નાના સમૂહ બનાવીને રહેવા લાગ્યો. સમૂહમાં રહેવાથી સુરક્ષા વધી. સમૂહને સુરક્ષિત રાખવા, અન્ય દળના આક્રમણથી તેને બચાવવા, સંઘર્ષમય જીવનમાં પોતાનું અસ્તિત્વ જાળવી રાખવા અને ટકાવી રાખવા માણસે કેટલાક નિયમ નિર્ધારિત કર્યા. સમૂહનો અધિપતિ નિયમ બનાવે. સહુ તે માને. દરેક ગોત્રના અધિપતિનું આ જ કામ થઇ ગયું. એ નિયમો એમણે યાદ પણ રાખવા પડતા. જો નિયમ યાદ ન રહે તો તેનું પાલન કેવી રીતે થાય? અહીંથી જ સ્મૃતિના મૂળ રૂપનો આવિર્ભાવ થયો. એ જ સ્મરણ રાખવાની પ્રક્રિયાએ સ્મૃતિ સાહિત્યનું રૂપ ધારણ કર્યું.[૧૩]

આ સ્મૃતિ સાહિત્યના રૂપ અને સ્વરૂપના અનેક રચિયતા છે. ડૉ. સુમંગલા ઝાએ[૧૪] મનુસ્મૃતિમેં નારીમાં એવો મત વ્યક્ત કર્યો છે કે, સ્મૃતિઓની રચના બ્રહ્માના આ વીસ માનસપુત્રોએ કરી હતીઃ આપસ્તમ્બ, પરાશર, શતપથ, સંવર્ત, દક્ષશ્ર, વશિષ્ઠ, અંગિરા, બૌધાયન, વિષ્ણુ, મનુ, યાજ્ઞવલ્ક્ય, અત્રિ, હારીત, શંખ, લિખિત, ગૌતમ, બૃહસ્પતિ, કાત્યાયન, વ્યાસ અને ઉશના... ડૉ.સોમનાથ શુકલએ સ્મૃતિશાસ્ત્ર-સમાજ-સંસ્કૃતિ ઔર રાજનીતિ માં લખ્યું છે કે, સ્મૃતિગ્રંથનીં પરંપરા મનુસ્મૃતિ પહેલાની છે, પણ મનુ પહેલાના સ્મૃતિગ્રંથોની પ્રામાણિકતા સ્થાપિત થઇ શકીં નથી. મનુએ મનુસ્મૃતિમાં અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, વસિષ્ઠ, ભૃગુ અને નારદ એમ છ સ્મૃતિકારનો ઉલ્લેખ કર્યો છે. આ છ નામથી સ્મૃતિઓ પ્રસિદ્ધ થઇ છે.[૧૫]

મનુએ પોતાના સિવાય છ સ્મૃતિકારનો ઉલ્લેખ કર્યો છે, એ જ રીતે યાજ્ઞવલ્કયે પોતાના સહિત વીસ રચનાકારના નામ લીધા છે. એ નામ આ મુજબ છે : મનુ, અત્રિ, વિષ્ણુ, હારીત, યાજ્ઞાવલ્કય, ઉશના, અંગરા, યમ, આપસ્તમ્બ, સંવર્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, વ્યાસ, શંખલિખિત, દક્ષ, ગૌતમ, શાતાતપ અને વસિષ્ઠ,[૧૬] પરાશરે પોતાના સિવાય આ ૧૯ સ્મૃકિારોની નામાવિલ આપી છે : મનુ, વસિષ્ઠ, કશ્યપ, ગર્ગ, ગૌતમ, શુક્ર, અત્રિ, વિષ્ણુ, સંવતર્, દક્ષ, અંગિરા, શાતાતપ, હારીત, યાજ્ઞવલ્કય, આપસ્તમ્બ, શંખલિખિત, કાત્યાયન અને વાલ્મીકિ, એ જ રીતે ભારદ્વાજે આ ૨૧ સ્મૃતિકારોની યાદી આપી છે : ભૃગુ, અત્રિ, વસિષ્ઠ, શાંડિલ્પ, રોહિત, ક્રતુ, હારીત, ગૌતમ, ગર્ગ, કાલાતપ, અંગિરા, માર્કંડેય, માંડવ્ય, કપિલ, નારદ, શુક્ર, જમદગ્નિ, યાજ્ઞવલ્કય, શંખ, તિશ્વામિત્ર અને પરાશર.[૧૭] આ યાદીમાં મનુનું નામ જ નથી! જ્યારે ગૌતમે મનુ સિવાયના કોઇ સ્મૃતિકારનું નામ લીધું નથી![૧૮]

સ્મૃતિકારોની સંખ્યા વિશે વિદ્વાનોમાં મતમતાંતર છે. પંડિત શ્રીરામ શર્મા આચાર્યના મતે સ્મૃતિઓ ૨૩ છે. તેમનાં નામ આ પ્રમાણે છે : મનુ, ગૌતમ, ઔશનસ, વસિષ્ઠ, શાતાતપ, આંગિરસ, યમ, લિખિત, કાત્યાયન, વિષ્ણુ, યાજ્ઞવલ્કય, પરાશર, સંવર્ત, દક્ષ, વ્યાસ, આપસ્તમ્બ, હારિત, શંખ, અત્રિ, બૃહસ્પતિ, બૌધાયન, લઘુ આશ્વલાયન અને પુલસ્ત્ય.[૧૯] જોકે યાજ્ઞાવલ્કય સ્મૃતિ કા સમીક્ષાત્મક અધ્યયનનાં લેખિકા ડૉ.શ્રીમતી ઉષા ગુપ્તાના મતે મુખ્ય સ્મૃતિકાર ૧૮ છે : મનુ, બૃહસ્પતિ, દક્ષ, ગૌતમ, અંગિરા, યોગીશ્વર, પ્રચેતા, શાતાતપ, પરાશર, સંવર્ત, ઉશનસ, શંખ, લિખિત, અત્રિ, વિષ્ણુ, યમ, આપસ્તમ્બ અને હારીત.[૨૦] નવમી સદીના

યાજ્ઞવલ્કયના ટીકાકાર વિશ્વરૂપે યાજ્ઞવલ્કયની સૂચિમાં દસ નામ વધુ જોડયા છે. ૧૭મી સદીના મિત્રમીશ્રની રચના વીર ચિત્રોદયમાં ૧૮ મુખ્ય સ્મૃતિઓ, ૧૮ ઉપસ્મૃતિઓ તથા ૨૧ અન્ય સ્મૃતિકારોના પ્રસંગે જોવા મળે છે. એમ કરતાં સ્મૃતિઓનીં સંખ્યા લગભગ સો પર પહોંચે છે![૨૧]

સ્મૃતિગ્રંથોની સંખ્યાની જેમ જ તેના રચનાકાળ અંગે પણ જુદા જુદા મત પ્રવર્તે છે. એ વિશે ડૉ.પાંડુરંગ વામન કાણેએ ધર્મશાસ્ત્ર કા ઈતિહાસમાં નોંધ્યું છે કે, મનુસ્મૃતિની રચના ઈ.સ.પૂર્વે ૨૦૦ થી ઈ.સ.૧૦૦ વચ્ચે થઈ હતી. યાજ્ઞવલ્કય સ્મૃતિની રચના ઈ.સ.પૂર્વે ૧૦૦ થી ઈ.સ.૩૦૦ વચ્ચે અને નારદસ્મૃતિની રચના ઈ.સ.૧૦૦ થી ઈ.સ.૪૦૦ ના ગાળામાં થઇ હતી. એ જ રીતે ઈ.સ.૩૦૦ થી ઈ.સ.૫૦૦ વચ્ચે બૃહસ્પતિ સ્મૃતિ અને ઈ.સ.૪૦૦ થી ઈ.સ.૬૦૦ વચ્ચે કાત્યાયન સ્મૃતિ રચાઇ હતી.[૨૨] જ્ઞાનગંગોત્રો ગ્રંથશ્રેણી મુજબ મનુસ્મૃતિનો રચનાકાળ ઈ.પૂ.૩૦૦ થી ઈ.સ.૨૦૦, યાજ્ઞવલ્કય સ્મૃતિ, નારદ સ્મૃતિ અને બૃહસ્પતિ સ્મૃતિનો રચનાકાળ ઈ.સ.૧૦૦ થી ઈ.સ.૩૦૦ તથા પરાશર સ્મૃતિનો રચનાકાળ ઈસવીસનની ચોથી સદી છે.[૨૩] ડૉ.શ્રીમતી ઉષા ગુપ્તાની નોંધ પ્રમાણે, મનુસ્મૃતિની રચના ઈ.પૂ.૨૦૦ થી ઈ.સ.૨૦૦ વચ્ચે, હારીત સ્મૃતિની રચના ઈ.સ.૪૦૦ થી ઈ.સ.૭૦૦ વચ્ચે, બૃહસ્પતિ સ્મૃતિની રચના છઠ્ઠી કે સાતમી શતાબ્દીના ગાળામાં પરાશર સ્મૃતિની રચના ઈ.સ.૧૦૦ થી ઈ.સ.૫૦૦ દરમિયાન, શંખ અને લિખિત સ્મૃતિની રચના ઈ.પૂ.૩૦૦ થી ઈ.સ.૧૦૦ સુધીમાં અને યાજ્ઞવલ્કય સ્મૃતિની રચના ઈ.પૂ.૧૦૦ થી ૩૦૦ દરમિયાન થઇ હતી.[૨૪] ડૉ.સોમનાથ શુકલના મત અનુસાર કાત્યાયન સ્મૃતિનો રચનાકાળ ઈ.સ.૪૦૦ થી ઈ.સ.૬૦૦ વચ્ચે અને પરાશર સ્મૃતિ તથા શંખસ્મૃતિનો રચનાકાળ ઈ.સ.૬૦૦ થી ઈ.સ.૯૦૦ વચ્ચેનો છે.[૨૫]

આટઆટલી સ્મૃતિઓ છે, પણ મનુસ્મૃતિને વિશ્વનું પ્રથમ વિધાન માનવામાં આવે છે. કારણ કે તેમાં જીવનના પ્રત્યેક પાસનું વર્ણન કરાયું છે. મનુ માનવ જનક તરીકે સ્મૃતિકારોમાં સૌથી વધુ લોકપ્રિય છે. પ્રાચીન ઈતિહાસમાં મનુ પ્રથમ સમાજ વ્યવસ્થાપક ગણાય છે. તેમણે ૧૨ અધ્યાય અને ૨૬૯૪ શ્લેકમાં સંપૂર્ણ સમસ્યાઓનું સમાધાન આપ્યું છે. મનુસ્મૃતિમાં વર્ણિત વિષયો આ પ્રકારે છેઃ સંસારની ઉત્પત્તિ, સોળ સંસ્કાર, શ્રાદ્ધવિધિ, ગૃહસ્થના નિયમ, સ્ત્રીધર્મ, ચાર આશ્રમ, રાજધર્મ, સાક્ષીઓના પ્રકાર, ધનસંપત્તિનું વિભાજન, પ્રાયશ્ચિત, દેશધર્મ અને જાતિધર્મ... મનુસ્મૃતિ એક એવો કોશ છે જેમાં દરેક સમસ્યાનું નિદાન છે.[૨૬] મનુસ્મૃતિમાં જે વર્ણિત છે, લગભગ તે જવિષય યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં વર્ણવાયા છે. આ સ્મૃતિની વિશેષતા એ છે કે તેમાં બધા વિષય સંક્ષેપમાં અને સ્પષ્ટતાથી વર્ણિત છે.[૨૭]

સમગ્રપણે જોઈએ તો સ્મૃતિઓમાં વિષયોને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યા છે. આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત. આચારમાં સદાચાર, સંસ્કાર, વર્ણાશ્રમ ધર્મ અને નીતિમત્તાનું  વર્ણન છે. વ્યવહારમાં રાજનીતિ, રાજપ્રજાના કર્તવ્ય, દંડ વ્યવસ્થા, દાયભાગ અને સાક્ષીવગેરેનો સમાવેશ થાય છે. પ્રાયશ્ચિતમાં વિવિધ પ્રકારના પાપ્‌ને તેના પ્રાયશ્ચિતોનું વિસ્તૃત વિવેચન છે. એ અંગે ડૉ. ભારતી આર્યે નોંધ્યું છે કે, સ્મૃતિઓથી જ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું વિશદ જ્ઞાન થાય છે. કઈ રીતે ભારત વિશ્વમાં પથદર્શક અને પ્રેરણાસ્રોત રહ્યું છે તથા કઈરીતે ભારતીય સંસ્કૃતિએ વિશ્વને પ્રભાવિત કરી તેનું નિરૂપણ સ્મૃતિઓમાં કરાયું છે. સ્મૃતિઓથી જ પ્રાચીન ભારતની આર્થિક, રાજનૈતિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ધાર્મિક સ્થિતિનું સંપૂર્ણ જ્ઞાન મળે છે.[૨૮]

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો આયનો દર્શાવતી સ્મૃતિઓ લાંબી પરંપરાઓનું જીવંત રૂપ છે. ભારતીય જીવનના સામાજિક નિયમોનું ક્રમબદ્ધ રૂપમાં સંકલન કરવાનું કામ સ્મૃતિઓએ કર્યું. સામાજિક વ્યવસ્થા ચલાવવા માટે જે નિયમ બનતા હતા તેના પર સ્મૃતિઓએ મહોર લગાવી અને તેને અંતિમરૂપ આપ્યું. સ્મૃતિઓમાં જે આચારો, પ્રથાઓ અને નિયમોનું પ્રતિપાદન થયું છે તે દુનિયાના ઈતિહાસમાં દુર્લભ છે. સ્મૃતિઓમાં તત્કાલીન સમાજના રીતરિવાજો પર પૂર્ણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. એ યુગમાં ભારત આધુનિક કાળથી પણ વિશાળ હતું.તેથી કોઈ એક જ સ્મૃતિગ્રંથના આધારે સંપૂર્ણ ભારતીય સમાજ વ્યવસ્થા ચાલે તે સંભવ નહોતું. તેથી ભારતીય સમાજ વ્યવસ્થાને ચલાવવામાં અનેક સ્મૃતિઓનું યોગદાન રહ્યું.[૨૯]સ્મૃતિઓની શૈલી અલગ છે અને સમયને અનુકૂળ છે. રચનાકારોએ પોતાનાથી પૂર્વ થયેલા સ્મૃતિકારનું આંધળું અનુકરણ કર્યું નથી. જે સિદ્ધાંત તેમને પોતાના યુગને અનુકૂળ લાગ્યો તે સહર્ષ સ્વીકારી લીધો પણ જે વિચારધારા પ્રતિકૂળ લાગી તે સહેજ પણ અચકાયા વિના છોડી દીધી. અને પોતાની માન્યતાની મહોર લગાવી દીધી.[૩૦]

આ જ કારણસર સ્મૃતિઓમાં મતવૈવિધ્ય જોવા મળે છે. ડૉ. જગન્નાથ પ્રસાદ યાદવે પ્રાચીન ભારતીય વિધિ મેં નારી માં નોંધ્યું છે કે, નિરંતનર બાહ્ય આક્રમણોના ફળસ્વરૂપે ભારતીય સમાજની માન્યતાઓમાં પરિવર્તન થતું રહ્યું છે. યવન, હૂણ, શક, કુષાણ તથા પહલવ જેવી અનેક વિદેશી જાતિઓ ભારતમાં પ્રવેશી અને રહી પડી. ભારતીય સમાજે આ જાતિઓને આત્મસાત કરી લીધી. તેમની પરંપરાઓ પણ ભારતીય પરંપરાઓમાં વિલીન થઇ ગઇ. સ્મૃતિકારો સમક્ષ સ્વદેશી એવં વિદેશી પરંપરાઓમાં સાયુજ્ય સ્થાપિત કરવાનો વિકટ પ્રશ્ન ઉદ્‌ભવ્યો. તેના નિરાકરણ માટે નવા નિયમો અને આદર્શો પ્રસ્થાપિત થયા. પરિણામે આ વિદેશી પરંપરાઓના સમાવેશને કારણે વિભિન્ન સ્મૃતિઓમાં એક જ સિદ્ધાંતના જુદાજુદા નિયમ પ્રતિપાદિત કરાયા. સ્મૃતિઓ અનેક સદીઓનો સામાજિક ઇતિહાસ પ્રસ્તુત કરે છે એતી સ્વાભાવિક જ કાળક્રમાનુસાર પરંપરાઓનું પરિવર્તિત રૂપ તેનામાં વ્યક્ત થયું છે. પરિવર્તનના કારણે જ સ્મૃતિ સાહિત્યની રચનામાં વિવિધતા જોવા મળે છે. તેને જ યુગધર્મનો સિદ્ધાંત કહે છે.[૩૧]

એટલે એમ કહી શકાય કે, સ્મૃતિઓ ભારતીય આચારસંહિતાના રૂપમાં પ્રકાશસ્તંભ છે. તે અંધકારથી પ્રકાશ ભણી, અવનતિથી ઉન્નતિ ભણી અને સંકોચથી વિકાસભણી લઇ જાય છે!

**પાદટીપઃ**

૧. **श्रुतिस्तु वेदो विज्ञेयो, धर्मशा तु वै स्मृतिः ।**
**ते सर्वार्थेष्वमीमांस्ये, ताभ्यां धर्मो हि निर्जमौ ॥**

શ્રુતિ એટલે વેદ અને સ્મૃતિ એટલે ધર્મશાસ્ત્ર એમ જાણવું. સર્વ બાબતોમાં એ કુતર્કનો અવિષય છે કેમ કે એ બન્નેથી ધર્મ પ્રકાશ્યો છે.

૨. સ્મૃતિયોં મેં નારી, ડૉ. ભારતી આર્ય, પૃ.૩.

૩. સ્મૃતિ સાહિત્ય મેં, ગૃહસ્થાશ્રમ- એક વિવેચન, અતિયા દાનિશ, પૃ.૭.

૪. સ્મતિયોં મેં નારી, પૃ.૩.

૫. એજન

૬. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ-એક વિવેચન, પૃ.૬.

૭. સ્મૃતિશાસ્ત્ર-સમાજ-સંસ્કૃતિ ઔર રાજનીતિ, ડૉ. સોમનાથ શુક્લ, પૃ.૧૩.

૮. પ્રાચીન ભારતીય વિધિ મેં નારી, ડૉ. જગન્નાથ પ્રસાદ યાદવ, પૃ.૧૦.

૯. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ કા સમીક્ષાત્મક અધ્યયન, ડૉ. શ્રીમતી ઉષા ગુપ્તા, પ.૧.

૧૦. પ્રાચીન ભારતીય સ્મૃતિકાર ઔર નારી, ડૉ. અચ્યુતાનંદ ધિલ્ડિયાલ અને ગોદાવરી ધિલ્ડિયાલ, પૃ.૨.

૧૧. પ્રાચીન ભારતીય વિધિ મેં નારી, પૃ.૯.

૧૨. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ-એક વિવેચન, પૃ.૨,૩.

૧૩. એજન, પૃ.૩.

૧૪. મનુસ્મૃતિ મેં નારી, ડૉ. સુમંગલા ઝા, પૃ.૨૧.

૧૫. સ્મૃતિશાસ્ત્ર-સમાજ-સંસ્કૃતિ ઓર રાજનીતિ, પૃ.૧૪.

૧૬. સ્મૃતિશાસ્ત્ર મેં ગૃહસ્થાશ્રમ-એક વિવેચન, પૃ.૧૧.

૧૭. એજન

૧૮. સ્મતિશાસ્ત્ર-સમાજ-સંસ્કૃતિ ઔર રાજનીતિ, પૃ.૧૪.

૧૯. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ કા સમીક્ષાત્મક અધ્યયન, પૃ.૫.

૨૦. એજન, પૃ.૪

૨૧. સ્મૃતિશાસ્ત્ર-સમાજ-સંસ્કૃતિ ઔર રાજનીતિ, પૃ.૧૪.

૨૨. ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ડૉ. પાંડુરંગ વામન કાણે, પૃ.૧૪,૧૫.

૨૩. જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી-૨૨, ભારત દર્શન-૧.

૨૪. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ કા સમીક્ષાત્મક અધ્યયન, પૃ. ૯ થી ૧૩.

૨૫. સ્મૃતિશાસ્ત્ર મેં સમાજ-સંસ્કૃતિ ઔર રાજનીતિ, પૃ. ૧૬.

૨૬. સ્મૃતિશાસ્ત્ર મેં ગૃહસ્થાશ્રમ - એક વિવેચન, પૃ.૧૫.

૨૭. સ્મૃતિશાસ્ત્ર-સમાજ-સંસ્કૃતિ ઔર રાજનીતિ, પૃ.૨૬.

૨૮. સ્મૃતિયોં મેં નારી, પૃ.૨૩

૨૯. મનુસ્મૃતિ મેં નારી, પૃ.૨૩

૩૦. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ કા સમીક્ષાત્મક અધ્યયન, પૃ.૨.

૩૧. પ્રાચીન ભારતીય વિધિ મેં નારી, પૃ.૧૩.

(સીવીએમ બંગલોઃ૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઇકાકા સ્ટૅચ્યુ પાસે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ. આણંદ
મોઃ ૯૮૯૮૦૭૦૨૦૫

# Applications of microbes in environmental monitoring

**Yogesh Patel**

Environmental pollution is an emerging threat and great concern in today's context pertaining to its effect on the ecosystem. The worldwide rise in population and the industrialization during the last few decades have resulted in ecological unbalance and degradation of the natural resources. One of the most essential natural resources which have been the worst victim of population explosion and growing industrialization is water. The water discharged as industrial effluent often contains various toxic metals, harmful dissolved gases, and several organic and inorganic compounds, which is harmful both to human being and the aquatic flora and fauna. Due to discharge of toxic effluents, long-term consequence of exposure can cause cancer, delayed nervous damage, malformation in urban children, mutagenic changes, neurological disorders etc. For example, various acid manufacturing industries discharge acidic effluent, which not only make the land infertile but make the water of the river acidic also. The high acidity causes stomach diseases and skin ailments in human beings. The textile industry is one of the largest water consumers in the world and discharge large volumes of dye containing wastewater. It is estimated that approximately 280,000 tons of textile dyes are discharged in the industrial effluents every year worldwide. Among them, some azo dyes have been linked to human bladder cancer, splenic sarcomas, hepatosarcomas and nuclear anomalis. Contaminated water by pesticides, such as DDT, aldrin, dieldrin, heptachlor etc is harm full for aquatic life and human beings as well. Discharge of cyanide-contained wastewater to water mass may lead to death of fish and other aquatic life therein. Use of water containing fluoride can causes mental disorders and stomach ailments and can also reduces agricultural production. Therefore, in recent years, considerable attention has been paid to industrial wastes discharged to land and surface water.

Early detection of toxic chemical compounds in the environment, particularly in water, and their biological effects on organisms has therefore become increasingly important. The traditional approach to environmental pollution assessment is based on chemical analytical methods which only provide information about the absolute concentrations of known chemicals in the environmental sample without an adequate interpretation of its toxicity to biota in the context of bioavailability, which means it only provides information about their potential, not actual toxicity. Moreover, compounds that are toxic below the detection limit of chemical analytical method or new compounds that are not yet deposited in the databases, can not be detected this way. Another disadvantage of chemical methods is the lack of information about the combined toxicity of different compounds such as additive, synergistic or antagonistic effects. In order to get more relevant information about environmental pollution risk, it is therefore inevitable to supplement the chemical analytical data with the results of methods providing information on biological impacts. The negative biological effects of pollutants present in all kinds of environmental samples can be assessed using different living organisms or cells as 'analytical devices'. The biological response following the exposure of living organisms or cells to environmental sample usually gives an information on toxicity, genotoxicity, estrogenicity etc. of the whole mixture of chemical compounds present in that particular sample. Besides being sensitive only to the bioavailable fraction of pollutants, biotests also have the power to assess the integrated effect of interacting chemical compounds and to detect the compounds, which are toxic only due to bioactivation. According to the technical principle, methods of biological monitoring can be classified to bioassays, biosensors, immunoassays, estrogenicity tests and ecological methods.

**1. Bioassay**

This test for environmental monitoring is based on the use of multi-cellular eukaryotic organisms, particularly fish and mammals. In this test, the animals are directly exposed to different concentrations of the environmental sample. The effect of the sample is determined in terms of LD50, which is the concentration of the compound that kills 50% of test animals after specific time period. This test is relatively expensive, time-consuming, difficult to standardise and ethically questionable. Therefore, it is applicable to monitor the effect of limited environmental pollutants.

**2. Microbial toxicity test**

In this experiment, living test organisms (bacteria/protozoa/unicellular algae/yeasts) are exposed directly to an environmental sample (soil, sediment, surface water, ground water, waste water) or extract of an environmental sample to measure a potential biological effect of the contaminants. Regarding the exposure time of the test-species to the investigated sample, microbial toxicity assays can be subdivided into acute and chronic. In acute assays the exposure time does not exceed 96 hours, while the chronic assay subgroup includes tests with longer exposure times. Most common parameters measured by microbial toxicity assays are population growth, substrate consumption, respiration, ATP luminescence and bioluminescence inhibition. Vibrio fischeri bioluminescence inhibition assay has been most frequently used and is the most sensitive across a wide range of chemicals compared to other bacterial assays. Other commonly used bacterial bioassays are based on assessing the inhibitory effect of a sample on ß-galactosidase activity in E. coli. Commercially available variations of this assay use different chromogenic ß-galactosidase substrates for colorimetric determination of enzymatic activity products. A similar principle is applied with Bacillus spp. dehydrogenase activity assay, where redox-potential induced changes in tetrazolium salt colour indicate inhibition of bacterial respiration. The detection of pesticides is based on measuring the growth inhibition and chlorophyll content of green microalga Scenedesmus supspicatus following 72 hours exposure. Non pathogenic protozoa like Tetrahymena pyriformis and Tetrahymena termophila are ideal early-warning indicators of aquatic ecosystem deterioration. Growth impairment bioassays are traditionally based on microscopic observations of morphological changes (cell shape and motility), what makes them simple and inexpensive techniques.

**3. Genotoxicity test**

Genotoxicity assays are used to measure the potential of environmental sample to induce changes in genetic material of test organisms. Types of DNA damage that may be assessed using these tests include mutagenicity, clastogenicity and aneuploidy. Mutagenicity results in changes of one or a small number of DNA base-pairs (point mutations), comprising substitutions, additions and deletions of base pairs. Clastogenicity involves structural changes in larger areas of chromosome, while changes in number of whole chromosomes lead to aneuploidy. Some widely used microbial genotoxicity assays are based on bacterium Salmonella typhimurium. The most widespread is the Ames test, which has also been established as a routine method of environmental water monitoring. It is based on a hystidine dependent strain of Salmonell typhimurium (TA98). Mutagenicity of the sample is determined by frequency of back mutations, which enable the growth of revertants on the medium without hystidine. Fusion of SOS-response genes with ß-galactosidase encoding reporter gene enables colorimetric detection of genotoxic compounds. The same principle is applied in SOS-chromotest, which applies E. coli as test-species and is frequently used, too, because of its high sensitivity to certain groups of pollutants, such as chloride pesticides and chlorophenols. The yeast Saccharomyces cerevisiae strains (D7, D61) are also model organisms in monitoring of wastewater genotoxicity reduction by biological wastewater treatment plants. Genotoxicity indicator assay, which has recently attracted much attention, is Comet assay (also called the Single-Cell Gel Electrophoresis Assay), which primarily measures single and double-DNA strand-breaks

in single cells. The protocol has originally been developed for detection of DNA damage in blood cells, but it has later been adapted for eukaryotic microorganisms, too. Tetrahymena termophila have already been used for the purposes of environmental and drinking water genotoxicity monitoring by comet assay.

**4. Microbial biosensors**

A biosensor is defined as a self contained, integrated device, consisting of a biological recognition element interfaced to a physical signal transducer, that together reversibly respond to a chemical species in a concentration-dependant manner. A wide range of biological recognition elements have already been used in biosensors constructed for potential environmental applications. Whole microbial cells, cellular organelles and molecules such as enzymes, antibodies, different kinds of receptors or DNA are the most common biorecognition elements of microbial origin. Regarding the type of transducer, biosensors could roughly be classified to electrochemical, optical, thermometric and piezoelectric. Regarding the target detection specificity they may fall in one of two groups

A. Biosensors, which measure general biological effects/parameters or

B. Biosensors for specific detection of target compounds

The first group of biosensors is aimed to measure an integral toxicity, genotoxicity, estrogenicity or other general parameters of the sample, which affect living organisms. They essentially include whole microorganisms as biorecognition elements. The most often reported cell-based biosensors include genetically modified bacteria with artificially constructed fusions of particular regulatory system (native promoter) with reporter genes. Frequently used reporter genes are lux (coding for luciferase) and gfp(coding for green fluorescence protein), expression of which correlates with luminescence or fluorescence based light emission. Colorimetric determination of target gene expression is possible by fusing it to reporter genes coding for ß-galalactosidase (lacZ) or alkaline phosphatase(phoA). Recently, E.coli biosensor capable of detecting both genotoxic and oxidative damage has been developed. Besides genetically modified microorganisms (also named bioreporters), some other types of cellular biosensors have also been constructed. An example is an algal biosensor, based on amperometric monitoring of photosynthetic O2 evolution - the process affected by toxic compounds, which has been developed by coupling Clark electrode to cyanobacterium Spirulina subsalsa. Biosensors for specific determination of chemical compounds frequently contain molecules like enzymes, receptors and metal-binding proteins as recognition elements. A number of enzymes have been shown to be inhibited by toxic metals, pesticides and some other important contaminants, like endocrine disrupting compounds. Acetylcholinesterase and urease, co-entrapped in the sol–gel matrix with the sensing probe, FITC-dextran, have succesfully been used for Cu, Cd and Hg detection. Beside molecular biosensors, bioreporter cells may also be used for detection of specific target compounds. Recently, for example, a biosensor for nitrate monitoring has been constructed by transformation of E. coli with plasmide containing nitrate reductase operon fused to gfp reporter gene.

**5. Immunoassays**

Immunochemical methods are based on specific and reversible binding of immunoglobulin molecules (antibodies) to their target antigenes. The most popular immunochemical technique in environmental analyses today is immunoassay, which has been shown to detect and quantify many compounds of environmental interest such as pesticides, industrial chemicals, and products of xenobiotic metabolism. Basic immunoassays are performed by detection of a specific marker molecule immobilized either to antibody (Ab) or the antigene(Ag). Marker molecules may be in the form of fluorescent or chemiluminescent compounds, radioisotopes or enzymes. Enzyme-based immunoassay offer many advantages over other immunotechniques, because of the great amount of product molecules, which results in signal amplification. The main enzymes used are

horseradish peroxidase, alkaline phosphatise and ß-galactosidase. A widely used immunoassay for environmental purposes is enzyme-linked immunosorbent assay (ELISA), which can be carried out according to different formats – direct competitive, indirect competitive or sandwich-type. Competitive assays are most common and can be performed in different ways. Analyte and the tracer (direct competitive ELISA) or analyte and the immobilised ligand (indirect ELISA) may compete for a limited number of binding sites. Sandwich-type ELISA is non-competitive assay, in which the analyte is recognised by two different antibodies immobilized Ab and marker Ab. Flow-injection immunoassay (FIIA) is a technique, based on the introduction of the sample into carrier stream, which enters the reaction chamber where the immune reaction takes place. FIIA has been successfully used for detection of different pollutants, e.g. triazines. The microorganisms like E. coli are used as artificial factories (expression systems) for recombinant antibody (rAbs) production in immunoassays. Different yeast species Saccharomyces cerevisiae and Pichia pastoris are also been used for recombinant antibody (rAbs) production. Besides being used as antibody-production systems, microorganisms may also represent a source of marker enzymes (alkaline phosphatase, ß-galactosidase) used in certain type of immunoassays.

## 6. Endocrine disruptor (EDC) assays

Endocrine disrupting compounds are a newly defined category of environmental contaminants, which interfere with the endocrine system function, which results in alterating the reproductive systems in wildlife and humans. Compounds, acting as agonists or antagonists of hormone (estrogene, androgene) receptors include a wide range of molecules, such as organochlorine pesticides, pthalates, alkylphenols, phyto- and mycoestrogenes, pharmaceutical estrogenes and many others. Estrogens are hormons that play crucial functions in growth, differentiation and homeostasis of male and female reproductive organs. Besides, they also influence non-reproductive tissues, such as bone, liver and the cardiovascular system. Several bioassays have been developed to assess substances with estrogenic activity. Most of the 'in vivo' assays are based on a variety of endpoints and are therefore time-consuming, expensive and require sacrification of numerous animals. Consequently, 'in vitro' assays applying microorganisms have been developed for the purpose of large-scale screening. Most of them are based on simple cell models that express hormone receptor coding genes coupled to reporter genes, such as ß-galactosidase or luciferase, when induced by estrogene-like compound. The estrogene induced signaling pathways are highly conserved in yeast and mammalian cells, which makes yeast cells a suitable system for modeling cellular response of mammalian cells when exposed to endocrine disrupters. Besides being less expensive and easier to culture, it is resistant to different contaminants, usually present in environmental samples. Numerous tests, using genetically modified yeasts for the detection of estrogenic and androgenic compounds have been developed. Commercially available assay for estrogene screening (YES/ Yeast Estrogen Screen by Glaxo) is based on genetically engineered Saccharomyces cerevisiae with human estrogene receptor (hER) fused to lacZ reporter gene.

## 7. Ecotoxicogenomic approaches in environmental monitoring

A new scientific discipline, which integrates genomics (transcriptomics, proteomics and metabolomics) into ecotoxicology is named ecotoxicogenomics. It is defined as the study of the response of the genome to environmental toxicant exposure. The application of gene and protein expression analysis holds potential in ecotoxicological risk assessment. The most important advantage in using a gene expression profiling approach is the power of an insight into the precise mode of action (MOA) of toxicants. This may potentially be useful for prioritization of substances for extensive testing regarding their MOA and may therefore allow optimization of resources and limit the use of animals for testing purposes. Comparison of gene expression profiles of different test microorganisms and higher organisms may provide useful information about

the possibility of extrapolation of the effects of toxic chemicals across species. Determining similarities and dissimilarities in toxicity mechanisms across species would give the answer where the extrapolation of chemical hazards from one species to another is technically valid. The knowledge about conservation of toxicity mechanisms in organisms will therefore enable to choose appropriate model organisms at lower levels of biological organization (e. g. microorganisms) for relevant monitoring of specific environmental toxicants. The use of microarray, proteomic and metabolomic techniques may also provide the possibility to predict toxic potential of unknown chemicals by comparing specific patterns of gene expression (fingerprints), reflecting mode of action of unknown chemical, with expression profiles of known toxicants. To conclude, by providing both, mechanism of action and predictive tools, ecotoxicogenomic approach seems especially promising for studying the effect of pollutants at low, environmentally relevant concentrations, improvement of toxic mixture analysis and long term exposure assessment of organisms.

Harmful effects of contaminants on the ecosystem and humans can not be assessed by standard chemical analyses of environmental samples, therefore toxicity tests using live organisms or cells represent a vital part of environmental monitoring. An important reason is the modern 3R concept (reduction, replacement, refinement) in toxicology and ecotoxicology, which promotes the application of microorganisms in biotests due to simple cultivation in axenic cultures and due to the lack of ethical problems.

(Assistant Professor in Microbiology, K.B.S. Commerce and NATARAJ Professional Sciences College, Chanod Colony Naka, Silvassa Road, Vapi – 396195 Dist: Valsad Mobile: +91-9427083187)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર ‘વિ-વિદ્યાનગર’ માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં ‘વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી’ એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. ‘વિ-વિદ્યાનગર’માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

‘વિ-વિદ્યાનગર’ સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

## તાંબૂલભક્ષણ

અભિષેક વાય. પાટલીયા

આપણી દિનચર્યામાં વિદ્વાનોએ મુખવાસને સ્થાન આપ્યું છે અને મુખવાસમાં તાંબૂલક્ષણને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. તાંબૂલ એટલે પાન. પરંતુ આપણા સમાજમાં આજે પાન ખાવાને મુખવાસને બદલે વ્યસનમાં મૂકી દીધું છે અને તાંબૂલભક્ષણ કરવાથી શરીરને જે ઉત્તમલાભ થવો જોઇએ તેને બદલે પાન ખાનાર જે નુકસાન ભોગવી રહ્યા છે એ ઉપરથી એમ કહેવું જોઇએ કે પાન ખાવાની વાસ્તવિક રીત-પદ્ધતિ, એનો પ્રકાર, પાન બનાવવાની શાસ્ત્રીય સમજ આ બધાને અવગણી દઇને વિકૃત કરી નાંખ્યું છે.

આપણે ભોજન બાદ તાંબૂલભક્ષણ કરીએ છીએ. બહુ પ્રાચીન સમયથી આ રિવાજ આપણે ત્યાં પ્રચલિત છે. તાંબૂલભક્ષણ સંબંધીવિચાર કરતાં હોઇએ ત્યારે પાન એટલે નાગરવેલનાં પાન જાણવાં. ભારતમાં વિવિધ પ્રાંતમાં પાનની પેદાશ જુદા જુદા પ્રકારની છે જેમ કે ચેવલી,કપૂર, મલબારી, મઘઇ, મદ્રાસી, ચોરવાડી, બનારસી બંગલા વેગરે. તે દરેકનો સ્વાદ જુદો જુદો છે.

ધન્વન્તરિ નિઘંટુમાં તાંબૂલના ગુણ નીચે મુજબ આપેલા છેંઃ

**ताम्बूलं कटुतिक्तमुष्णमधुरं क्षारं कषायान्वितम्**
**वातघ्नं कफनाशनं कृमिहरं दुर्गन्धनिर्नाशनम् ।**
**वक्त्रस्याभरणं विशुद्धिकरणं कामाग्निसंदीपनम्**
**ताम्बूलस्य सखे त्रयोदशगुणाः स्वर्गेऽपि ते दुर्लभाः॥**

નાગરવેલનું પાન સહેજ તીખું અને કડવું છે, ઉષ્મ છે, મધુર છે, ક્ષારયુક્ત છે, કષાય રસયુક્ત છે, વાયુને હરનાર છે, કફનો નાશ કરનાર છે, કૃમિને હરનાર છે, દુર્ગંધીનો નાશ કરનાર છે. પાન એ તો મુખનું આભરણ (શોભા) છે. પાન મોંને સાફ રાખનાર છે અને કામાગ્નિને પ્રદિપ્ત કરનાર છે. હે મિત્ર નાગરવેલનાં પાનમાં સ્વર્ગમાં પણ દુર્લભ એવા તેર ગુણો છે.

આચાર્ય સુશ્રુત તાંબૂલનાં ગુણ આ પ્રમાણે વર્ણવે છેઃ

**कर्पूरः जाति कक्कोल लवङ्गकटुकाह्वयैः ।**
**सचूर्णपूगैः सहितं पत्रं ताम्बूलजं शुभम् ॥**
**मुखवैशद्यसौगन्ध्यकान्तिसौष्ठवकारकम् ।**
**हनुदन्तस्वरमलजिह्वेन्द्रियविशोधनम् ॥**
**प्रसेकशमनं हृद्यं गलामयविनाशनम् ।**
**पथ्यं सुप्तोत्थिते भुक्ते स्नाते वान्ते च मानवे ॥**

(સુશ્રુતસંહિતાઃ ચિકિત્સાસ્થાનઃ
અધ્યાયઃ૨૪શ્લોકઃ ૨૧ થી ૨૩)

કપૂર, જાયફળ, ચણકબાબ, લવિંગ, કસ્તૂરી અને સોપારી- આ સુગંધી પદાર્થો સાથે પાન ખાવું જોઇએ. આવું પાન મુખને વિશદ (સ્વચ્છ) બનાવે છે. સુગંધિત કરે છે, દેહની કાંતિ વધારે છે અને અંગસૌષ્ઠવ કરનાર છે. જડબું, દાંત, સ્વર વગેરેનાં મલને સાફ કરનાર છે. જીભનું શોધન કરનાર છે. લાળ પડતી હોય તો શમાવનાર છે, મનને પ્રિય લાગે એવું છે અને ગળાના રોગોનો નાશ કરનાર છે. સૂઇને ઊઠ્યા પછી, ભોજન બાદ, સ્નાન કર્યા પછી અને ઊલટી થઇ હોય તો તે પછી મનુષ્યે તાંબૂલભક્ષણ કરવું જોઇએ.

આપણે ત્યારે જે રીતે પાન ખાઇએ છીએ તે રીતમાં કેટલોક સુધારો કરવાની જરૂર છે. પ્રથમ તો આખો દિવસ પાનના ડૂચા મોંમાં ભરી રાખે છે તે ખરાબ છે. કલાની દૃષ્ટિએ તેમજ આરોગ્યની દૃષ્ટિએ-બંને રીતે ખરાબ છે. પાન ખાવાની પ્રથા સરસ છે. પરંતુ જેમ ઘણી સારી પ્રથાઓને મનુષ્યજાતિએ અજ્ઞાનને લીધે બગાડી છે તેમ પાનનું પણ થયું છે. પાનના રસમાં જે ઔષધીય ગુણો છે, જે ખુશ્બુ છે- તેને લીધે આપણા દીર્ઘદર્શી પૂર્વજોએ પાન ખાવાની પ્રથા પ્રચલિત કરી. પરંતુ કોઇપણ વસ્તુનો અતિયોગ વસ્તુના મહત્ત્વનો નાશ કરે છે. અને એથી એ પ્રથા પણ નિંદાપાત્ર બને છે. આજે એ તાંબૂલભક્ષણની પ્રથા-કલા, સૌંદર્ય અને આરોગ્યનો અજબ સમન્વય કરનારી આ પ્રથા-પણ આવાં જ કારણોથી નિંદ્ય બની છે.

### પાન ખાવાનો સમયઃ

આચાર્ય સુશ્રુત કહે છે કે સૂઇને ઊઠ્યા પછી, ભોજન બાદ અને સ્નાન કર્યા બાદ પાન ખાવું જોઇએ. આચાર્ય ભાવમિશ્ર આ ત્રણ સમય ઉપરાંત કેટલુંક વધુ ઉમેરે છે. તે કહે છે કે રતિક્રિયા (સંભોગ) પૂર્વે અને પછી, વિદ્વાનોની સભામાં તાંબૂલભક્ષણ કરવું જોઇએ. એટલે કે દિવસમાં અમુક

વખત જ પાન ખાવાનાં છે- ગમે ત્યારે નહીં.

સૂઈને ઉઠ્યા બાદ મોં ખરાબ (વિરસ), ચીકણું અને કફયુક્ત થઇ ગયું હોય છે એટલે એ વખતે પાન ખાવાથી મોં સરસ થઇ જાય છે. સ્નાન કર્યા બાદ તાંબૂલભક્ષણ કલાની દૃષ્ટિએ, સૌન્દર્યવર્ધક છે. 'પકવબિંબાધરોષ્ઠ' એ કવિઓની માનીતી ઉપમા છે. પાકા ટીંડોળાં જેવાં લાલચોળ હોઠ! રતિક્રિયા વખતે તાંબૂલભક્ષણ, તાંબૂલ કામાગ્નિ સંદીપ્ત કરનાર હોઈ, મુખવૈશદ્યકારક હોઇ, અધરને રંગ આપનાર હોઈ, 'સૌગંધ્ય, કાંતિ અને સૌષ્ઠવકર' હોઈ કામશાસ્ત્રનું એક અંગ ગણાય છે.

આ તાંબૂલ આજના જેવું ફક્ત સોપારીવાળું નહીં, પરંતુ અનેક સુગંધી દ્રવ્યોથી યુક્ત હતું. કસ્તૂરી, જાયફળ, જાવંત્રી, લવિંગ, ચણકબાબ, કપૂર, એલચી ઈત્યાદિ મસાલાયુક્ત તાંબૂલભક્ષણથી મુખમાં સુગંધ રહે છે અને આથી પાચનક્રિયા પર જે અસર થાય છે તે તો ખરેખર ઓર જ છે. તાંબૂલભક્ષણ પાચનક્રિયા સુધારનાર છે.

### તાંબૂલભક્ષણ અને પાચનક્રિયા

પાનમાં એક જાતનું સુવાસિક ઊડનારું તેલ છે. આ તેલને લીધે પાન ઉત્તેજક છે અને જ્ઞાનતંતુઓને સતેજ બનાવનાર છે. આ ઉપરાંત પાનમાં ડાયેસ્ટેસ નામનો સ્ટાર્ચ પાચક રસ છે. ડાયેસ્ટેસ સ્ટાર્ચ ઘટિત ખાદ્ય પદાર્થોને પચાવનાર છે. લાલાસ્રાવમાં આ છે અને લાલાસ્રાવ સ્ટાર્ચને પચાવવામાં ખૂબ જ ઉપયોગી છે એ તો હવે અનેક પ્રયોગોને અંતે પુરવાર થયેલું છે. આ ડાયેસ્ટેસને લીધે સ્ટાર્ચ જલદી પચી જાય છે, અને આપણા હિંદુઓનો ખોરાક મુખ્યત્વે સ્ટાર્ચઘટિત જ છે એ આપણે યાદ રાખવું જોઇએ. સ્ટાર્ચવાળા ખોરાકને પચાવવામાં લાલાસ્રાવ અતિ અગત્યનો ભાગ ભજવે છે અને આથી જ ખોરાક ખૂબ ચાવીને ખાવો જોઇએ. સુગંધીને લીધે જંતુઓ પણ નાશ પામે છે. આથી જ ખાધા બાદ તાંબુલ ખાવાનું કહેલું છે. આપણે હિંદુઓ આપણા ખોરાકમાં મુખ્યત્વે સ્ટાર્ચ જ (લોટ, ભાત, બટાટા એ બધા સ્ટાર્ચ જ છે) ખાઈએ છીએ અને સ્ટાર્ચ ઉપર લાલાસ્રાવ જે કાર્ય કરે છે તે કાર્ય ડાયેસ્ટેસને આભારી છે. પાનમાં બહુ સારા પ્રમાણમાં ડાયેસ્ટેસ છે એટલે આપણા માટે પાન બહુ જ ઉપયોગી ચીજ છે.

સ્વ. ડૉ. વામન દેસાઇ અનુસાર તાજા પાન ઉત્તમ, દીપન, પાચન, કફઘ્ન, શોથઘ્ન (સોજાને મટાડનાર), વેદનાસ્થાપન (analgestic)ને વ્રણરોપણ છે. પાનનો રસ બહુ જ જલદ પૂતિહર છે. આ રસ કાર્બોલિક એસિડ કરતાં પાંચગણો જંતુઘ્ન છે. કાર્બોલિક એસિડના પાંચ ગણા પ્રમાણનાં કારણે બીજા પાન કરતાં નાગરવેલનાં પાન વધુ દિવસો સુધી બગડયા સિવાય સારાં રહી શકે છે. નાના બાળકોને વરાધ, સસણી કે ખાંસી થઇ હોય છે ત્યારે વૈદ્યો પાનનાં રસનાં અનુપાનથી દવા આપે છે, કારણ કે કફપ્રધાન રોગો ઉપર પાન અત્યંત ઉપયોગી છે. ભોજન બાદ પાનનું બીડું ખાવાની પ્રથા શાસ્ત્રશુદ્ધ છે. એથી લાલાસ્રાવ વધે છે અને આમાશયમાં ઉત્તેજન પ્રાપ્ત થાય છે.

### કાથો, ચૂનો અને સોપારી

પાનમાં મુખ્યત્વે આ ત્રણ આપણે વાપરીએ છીએ. કાથો (ખદીરસાર) કફ અને પિત્તનો નાશ કરનાર છે. વાયુ અને ખાંસીને મટાડનાર છે અર્થાત્ સંયોગથી કાથો વાત, પિત્ત અને કફ ત્રણેને હણનાર અર્થાત્ ત્રિદોષઘ્ન છે.

ચૂનો તો શરીર માટે આવશ્યક છે. આપણે અનેક ખાદ્ય પદાર્થો દ્વારા ચૂનો પેટમાં લઈએ છીએ. દૂધમાં ચૂનાનું પ્રમાણ સૌથી વિશેષ છે. હાડકાં ચૂનાનાં જ બનેલાં છે એટલે હાડકાં માટે તેમજ રક્તશુદ્ધિ અને પાચનતંત્રને તંદુરસ્ત રાખવા માટે ચૂનો શરીરને નિતાંત આવશ્યક છે. ગર્ભવતી સ્ત્રીઓને સગર્ભાવસ્થામાં ચૂનો જે ખોરાકમાં વિશેષ હોય તે ખોરાક વધુ ખાવા આપવો જોઈએ.

સોપારી માટે આપણા સમાજમાં ઘણી ગેરમાન્યતાઓ છે. સોપારીને વધુ માત્રમાં ખાવામાં આવે તો તે જરૂર નુકશાનકારક છે, પરંતુ સારી જાતની સોપારી થોડી ખાવામાં લેવાથી તે કંઈપણ નુકશાન કરતી નથી. રાજનિઘંટુકાર કહે છે કે સૂકી સોપારી કફના રોગોનો નાશ કરનાર છે, રૂચિ ઉત્પન્ન કરનાર છે, અન્નને પચાવનાર અને સહેજ સારક-રેચક છે. સોપારી પાન સાથે ખાવાથી જોતજોતામાં પાંડુ, વાતરોગ અને શોષ એને દૂર કરે છે.

કેસર, એલચી, કસ્તૂરી, જાયફળ, લવિંગ, ચણકબાબ, કપૂર આ બધા સુગંધી પદાર્થો છે. તે બધા દીપન પાચન છે, જંતુઘ્ન છે, કફ અને વાયુને મટાડનાર છે. મોંને સુવાસિત બનાવનાર છે. તમામ સુગંધિત પદાર્થો ઓછાવત્તા જંતુઘ્ન હોય છે અને જ્ઞાનતંતુઓને ઉશ્કેરનાર હોઇ આહ્લાદપ્રદ

છે. લાલાસ્રાવવર્ધક શક્તિને લીધે તે દીપન પાચન છે.

આચાર્ય ભાવમિશ્ર કહે છે કે સવારનાં પાનમાં સોપારી વધુ ખાવી, બપોરનાં પાનમાં કાથો વધુ ખાવો અને રાત્રે ચૂનો વધુ ખાવો.

**प्रभाते पूगमधिकं मध्याह्ने खदिरं तथा ।**
**निशासु चूर्णमधिकं ताम्बूलं भक्षयेत्सदा ॥**

**પાનનો નિષેધ**

**रक्तपित्तक्षतक्षीणतृष्णामूर्च्छापरीतिनाम् ।**
**रक्षदुर्बलमर्त्यानां न हितं चास्यशोषिणाम् ॥**

રક્તપિત્ત (bleeding), લાંબા વખતથી જેને ક્ષત-ચાંદા અથવા વ્રણ હોય અને તેથી જે ક્ષીણ થઇ ગયો હોય, તરસ અને મૂર્છાથી જે પીડાતો હોય, હમેશાં જે લુખ્ખો ખારોક ખાતો હોય, જે અશક્ત હોય અને જેના મોમાં શોષ પડતો હોય- તે બધા માટે તાંબૂલ હિતકર નથી.

**ताम्बूलं नाति सेवेत न विरिक्तो बुभूक्षितः ॥**
**देहदृक्केशदन्ताग्निस्रोत्रवर्णबलक्षयः ।**
**शोषः पित्तानिला स्यादतिताम्बूलचर्वणात् ॥**
**ताम्बूलं न हितं दन्तदुर्बलेक्षणरोगिणाम्।**
**विषमूर्च्छामदार्तानां क्षयिणां रक्तपित्तिनाम् ॥**

આચાર્ય ભાવમિશ્ર કહે છે કે જુલાબ લીધો હોય ત્યારે તેમજ ભૂખ્યા હોય ત્યારે તાંબૂલ ખાવું નહીં જોઇએ. અતિશય પાન ખાવાથી દેહ, આંખો, કેશ, દાંત, જઠરાગ્નિ, કાન, વર્ણ, બલ એ બધાનો ક્ષય થાય છે. અતિ તાંબૂલભક્ષણથી શરીરને શોષ લાગુ પડે છે, પિત્ત, વાત અને રક્ત બગડે છે. દાંત અને આંખનાં રોગીઓ માટે તાંબૂલ હિતકર નથી. વિષ, મૂર્છા અને મદ (દારુ પીવાથી ચડયો હોય તે)વાળા તેમજ ક્ષયવાળા અને રક્તપિત્તવાળાઓ માટે પાન અહિતકાર છે.

**પાન સાથે તમાકુ ખાવાનો ચાલ**

આજે પાન સાથે તમાકુ ખાવામાં આવે છે. દિવસમાં તમાકુ સાથે વારંવાર પાન ખાવા એ અતિયોગ છે. તેના કારણે તાંબૂલભક્ષણથી થતા ફાયદા અદશ્ય થાય છે અને બીજા અનેક રોગો તેમાંથી લાગુ પડે છે. તમાકુ ખાનારના દાંત બગડેલા હોય છે. મોંમાં ચાંદા અને તેમાંથી કેન્સર થાય છે.

(લેક્ચરર, કૌમારભૃત્ય વિભાગ,
જી.જે. પટેલ આયુર્વેદ કૉલેજ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર.)

## એનવીપાસમાં ઊર્જા સંરક્ષણ સેમિનાર

ચારુતર વિદ્યામંડળસંચાલિત નટુભાઇ વી.પટેલ કૉલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસના ભૌતિક શાસ્ત્ર વિભાગ તથા સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન સી.સી. પટેલ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે એન.વી.પાસ કૉલેજ ખાતે ઊર્જા સંરક્ષણ વિષયને ધ્યાનમાં રાખી રાજ્ય કક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત ગુજરાતની જુદી-જુદી સાયન્સ કૉલેજમાંથી ૧૬૬ વિદ્યાર્થી પ્રતિસ્પર્ધીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ ''એનર્જી કન્ઝર્વેશનઃ પાસ્ટ, પ્રેઝન્ટ એન્ડ ફ્યુચર'' વિષય પર પોતાનાં પોસ્ટર્સ અને પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશ રજૂ કર્યાં હતાં. કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલ અધ્યક્ષ સ્થાને તથા મુખ્ય અતિથિ તરીકે શ્રી પ્રણવભાઇ મહેતા વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ તથા આયોજકોને ઉત્સાહ પૂરો પાડ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી ડૉ. યોગેશ પટેલ એનર્જી કન્ઝર્વેશન ક્લબ તથા સેમિનાર અંગે માહિતી આપી હતી. સેમિનારના આયોજક તરીકે કૉલેજના આચાર્ય ડૉ. બાસુદેબ બક્ષીએ સૌનું સ્વાગત કર્યું હતું. તથા સી.એસ.સી.ના ડાયરેક્ટર ડૉ. ઉજ્જવલ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને લોક વિજ્ઞાન કેન્દ્ર અંતર્ગત તથા વિવિધ માહિતી આપી હતી. ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા ડૉ. હિમાંશુ ત્રિવેદીએ આભારવિધિ કરી હતી. અન્ય સેશનમાં સ.પ. યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના શ્રી રાજુ ઝાની ટીમ દ્વારા ઊર્જા બચતના જુદા-જુદા ઉપકરણોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જેને શ્રી ગાંધી દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. પોસ્ટર અને ઓરલ પ્રેઝન્ટેશનના નિર્ણાયકો તરીકે ડૉ. વિભા વૈષ્ણવ, ડૉ. ભરત પટેલ, ડૉ. સુનીલ વાકી, ડૉ. અમિતાબેન, ડૉ. વશિષ્ટ ભટ્ટ અને ડૉ. બત્રા સાહેબે સેવાઓ આપી હતી. સેમિનારના સમાપન સમારોહમાં સીએસસીના એડવાઇઝર ડૉ. કમલનયન જોશીપુરા વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઇનામથી પ્રોત્સાહિત કર્યાં હતાં. વિજેતા વિદ્યાર્થીઓ જે એમ.બી. પટેલ સાયન્સ કૉલેજ, એન.વી. પાસ અને અરીબાસ કોલેજની ટીમમાંથી હતા તથા અન્ય સર્વે ભાગ લેનાર વિદ્યાર્થીઓને મુખ્ય આયોજકો ડૉ. બાસુદેબ બક્ષી તથા ડૉ. ઉજ્જવલ ત્રિવેદીએ અભિનંદન આપ્યાં હતાં. એનવીપાસના ભૂતપૂર્વ આચાર્યશ્રી ડૉ.બી.આર. પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે લોકવિજ્ઞાન કેન્દ્રના શ્રી હીરેન ગણાત્રાએ સર્વેનો આભાર માન્યો હતો.

## ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદે ડૉ.સી.એલ.પટેલનો વિજય

ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણસંકુલ ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના વર્ષ ૧૯૯૪થી સતત દર ત્રણ વર્ષની મુદત માટે ચૂંટાતા રહેતા દીર્ઘદ્રષ્ટા ૮૦ વર્ષીય અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ રવિવાર, ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ અધ્યક્ષપદ માટે થયેલી ચૂંટણીને અંતે ભારે બહુમતીથી વિજયી થયા હતા. હવે વર્ષ ૨૦૧૮ સુધી તેઓ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદે સેવારત રહેશે.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષની આગામી ત્રણ વર્ષની મુદત માટેની ચૂંટણીમાં વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ સામે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કે.જી.પટેલે ઉમેદવારી કરી હતી. સીવીએમના કુલ ૧૮૦૯ સભાસદોએ મતદાન કર્યું અને તેમાંથી ડૉ.પટેલને ૧૪૮૯ મત અને શ્રી કે.જી.પટેલને ૩૧૨ મત મળ્યા હતા. અધ્યક્ષપદે ડૉ.સી.એલ.પટેલનો ૧૧૭૭ મતથી વિજય થયો હતો. કુલ થયેલા મતદાનમાંથી ૮ મત રદ થયા હતા.

ઉચ્ચ શિક્ષણના માધ્યમથી ચરોતરની ગ્રામીણ પ્રજાના આર્થિક ઉત્થાન માટે છેક ૧૯૪૫માં સરદાર પટેલની પ્રેરણાથી પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબે સ્થાપેલા ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરમાં એકવીસમી સદીને અનુરૂપ અત્યાધુનિક સુવિધાઓવાળી શિક્ષણની સંસ્થાઓ અને અભ્યાસક્રમોનું સુપેરે સંચાલન અને વિકાસ સાધીને શિક્ષણમહર્ષિ ડૉ.પટેલે આધુનિક શિક્ષણના શિલ્પી તરીકેનું બહુમાન મેળવ્યું છે. વિજયી થયા પછી વિનમ્રભાવે પ્રતિભાવ આપતાં ડૉ.સી.એલ.પટેલે કહ્યું હતું કે આવતાં ત્રણ વર્ષ દરમિયાન ચારુતર વિદ્યામંડળના નેજા હેઠળની પચાસ જેટલી સંસ્થાઓને સુદઢ કરવા અને આવતી સદીને અનુરૂપ વિશ્વસ્તરની શિક્ષણની સુવિધાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂકવાનો અમારો સંકલ્પ છે. તેમણે પરમકૃપાળુ પરમાત્મા અને પોતાના આધ્યાત્મિક ગુરુ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પૂજ્યશ્રી પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ તથા ચારુતર વિદ્યામંડળના તમામ સભાસદો, દેશ-વિદેશમાં વસતા દાતાઓ અને શુભેચ્છકોનો આભાર માન્યો હતો. અમારા પૂર્વસૂરિઓ ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ અને ડૉ.એચ.એમ.પટેલ સાહેબે કંડારેલી કેડીએ સીવીએમના શિક્ષણયજ્ઞની જ્યોત પ્રજ્વલિત રાખવા અને નિરંતર વિકાસ સાધવાનો યત્કિંચિત પ્રયાસ સૌને સાથે લઈને કર્યો હોવાનું ડૉ.સી.એલ.પટેલે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે હું જે કાંઈ કરી રહ્યો છું એમાં પરમકૃપાળુ પરમાત્મા અને મારા ગુરુ પ્રગટબ્રહ્મસ્વરૂપ પૂજ્યશ્રી પ્રમુખસ્વામી મહારાજ, દાતાઓ અને શુભેચ્છકો, મારા માનદ સાથીઓ અને શિક્ષણ સંસ્થાઓના આચાર્યો - પ્રાધ્યાપકો - શિક્ષકો અને કર્મચારીગણનું ઘણું મોટું યોગદાન છે.

તાજેતરમાં જ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદ અને કાઉન્સિલના ૧૦ સભ્યો માટેની ચૂંટણી જાહેર થઈ ત્યારથી જ ફરીને ત્રણ વર્ષ માટે ડૉ.સી.એલ.પટેલની વરણી થાય તેવા સંકેતો મળતા હતા. કાઉન્સિલ માટે ડૉ.પટેલની સીવીએમ પેનલના દસ સભ્યોની ઉમેદવારી પછી અગિયારમા ઉમેદવાર તરીકે ફોર્મ ભરનાર શ્રી જયરાજ જયંતીભાઈ પટેલે ફોર્મ પરત ખેંચવાની મુદત પૂરી થતાં પહેલાં ઉમેદવારી પાછી ખેંચી લેતાં ડૉ.પટેલની સીવીએમ પેનલના દસેય ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા. સીવીએમની કાઉન્સિલમાં બિનહરીફ ચૂંટાયેલા સભ્યો આ મુજબ છે : ૧.શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈ પટેલ(જીઆઈડીસી)૨.શ્રી જેઠાભાઈ ડાહ્યાભાઈ પટેલ(દાવોલ)૩.શ્રી નટુભાઈ મણિભાઈ પટેલ(સાહેબ) ૪.શ્રી નીકેશ રઘુભાઈ પટેલ (નીકાભાઈ)૫.શ્રી પ્રદીપભાઈ આઈ.પટેલ (કમ્ફી)૬.શ્રી પ્રિયેશભાઈ સુમનભાઈ પટેલ૭.શ્રી મહેન્દ્રભાઈ જશભાઈ પટેલ (બાબાભાઈ)૮.શ્રીમતી મીનાબેન ભરતભાઈ પટેલ ૯.શ્રી મુકુન્દભાઈ જમનાભાઈ પટેલ (સૂર્ય જર્દા)૧૦.શ્રી વિનુભાઈ ગોકળભાઈ પટેલ (ડી.ગોકળ).

અધ્યક્ષપદે પણ ડૉ.પટેલની તેમના વર્તમાન હોદ્દે બે દાયકા કરતાંય વધુ સમયની સેવા જોતાં તેઓ બિનહરીફ ચૂંટાય તેવી ચારુતર વિદ્યામંડળના મોટાભાગના સભાસદોની અપેક્ષા હોવા છતાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કે.જી.પટેલે ઉમેદવારી ચાલુ રાખતાં ચૂંટણી માટેનું મતદાન અનિવાર્ય બન્યું હતું. રવિવારે ચૂંટણી અધિકારીશ્રી ડૉ.એ.આર.જાની, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ ડૉ.એન.આર.પટેલ અને ડૉ.એ.બી.પટેલે મતદાન અને મતગણતરીની વ્યવસ્થા સંભાળીને પરિણામની જાહેરાત કરી ત્યારે અને તેને ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતે ઉપસ્થિત સૌ કોઈએ વધાવી લીધી હતી. રવિવારે સવારે ૯થી બપોરના ૨ કલાક દરમિયાન ન્યૂ વલ્લભ વિદ્યાનગરસ્થિત એડીઆઈટી કૉલેજમાં મતદાન યોજાયું હતું ત્યારે અહીં મોટા ઓચ્છવનો માહોલ જોવા

મળ્યો હતો.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદની જવાબદારી છેક ૧૯૯૪થી ડૉ.સી.એલ.પટેલ સંભાળતા આવ્યા છે. એમના નેતૃત્વમાં સીવીએમની જૂની શિક્ષણ સંસ્થાઓને મજબૂત કરવા ઉપરાંત દર વર્ષે નવા નવા અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓ સ્થપાતી રહી છે. દેશ-વિદેશમાં વસતા દાતાઓમાં ડૉ.પટેલના સાદગીભર્યા જીવન અને કરકસરયુક્ત વહીવટના માધ્યમથી વિશ્વસ્તરની માળખાકીય સુવિધાઓ ઘરઆંગણે ઊભી કરવાની નેમ થકી ભારે વિશ્વાસ ઊભો થતો રહ્યો છે અને એ સતત જળવાયો છે. અત્યારે સીવીએમની પચાસ જેટલી શિક્ષણસંસ્થાઓમાં કે.જી.થી પી.જી. અને રિસર્ચની સુવિધાઓ ઉપલબ્ધ છે. દેશ-વિદેશમાં પ્રતિષ્ઠિત ચારુતર વિદ્યામંડળ શિક્ષણસંકુલ માત્ર ગુજરાતમાં જ નહીં, સમગ્રપણે પશ્ચિમ ભારતમાં સૌથી વિશાળ શિક્ષણ સંકુલ બનવાની સાથે જ એના પારદર્શક અને પ્રામાણિક વહીવટની પ્રતિષ્ઠાનો આદર્શ ડૉ.સી.એલ.પટેલે પ્રસ્થાપિત કર્યો છે. શિક્ષણ સંકુલમાં આવતી સદી માટે શિક્ષણ અને તાલીમ મેળવીને વિશ્વસ્તરની હરીફાઈ માટે સજ્જ થઈ રહેલાં ૩૫,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને દેશનાં ૧૯ રાજ્યોનાં ૨૨ ભાષા બોલનારાં આચાર્યો - અધ્યાપકો - શિક્ષકો તૈયાર કરી રહ્યાં છે. વલ્લભ વિદ્યાનગર અને ન્યૂ વલ્લભ વિદ્યાનગર દેશ-વિદેશમાં શિક્ષણના નોંધપાત્ર હબની પ્રતિષ્ઠા ધરાવે છે.

વર્તમાન ચૂંટણીમાં શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ.પટેલને ચોફેરથી સાનુકૂળ પ્રતિસાદ મળતો રહ્યો હતો. શિક્ષણ, સમાજ અને દેશ-વિદેશના પ્રત્યેક નાના-મોટા વર્ગે તેમને ટેકો આપ્યો હતો. ડૉ.પટેલ કહે છે કે શિક્ષણના પવિત્ર વ્યવસાયમાં સૌને સાથે રાખીને અને કોઈના ભણી દુર્ભાવ સેવ્યા વિના વિદ્યાર્થીઓ અને નવી પેઢીના ઘડતર માટે સમર્પણ ભાવથી કાર્ય કરવું પડે. મને પરમકૃપાળુ પરમાત્માએ આ તક પૂરી પાડી છે એ બદલ હું પોતાની જાતને ભાગ્યશાળી ગણું છું.

માત્ર આણંદ જિલ્લામાં જ નહીં, સમગ્ર ગુજરાતભર અને દેશ-વિદેશમાં પણ સીવીએમના સભાસદો વસે છે. ડૉ.પટેલને વલ્લભ વિદ્યાનગર, આણંદ અને કરમસદ નગરપાલિકાઓ, આણંદ તાલુકા પંચાયત તેમ જ આણંદના સાંસદ શ્રી દિલીપભાઈ પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી લાલસિંહ વડોદિયા, આણંદના વિધાન સભ્ય શ્રી રોહિતભાઈ પટેલ, જિલ્લા ભાજપના અધ્યક્ષ શ્રી દીપકભાઈ પટેલ, આણંદની ચરોતર ઍજ્યુકેશન સોસાયટી, શ્રી રામકૃષ્ણ સેવામંડળ, સરદાર પટેલ ઍજ્યુકેશન ટ્રસ્ટ સહિતની શૈક્ષણિક - સામાજિક સંસ્થાઓ ઉપરાંત વિઠ્ઠલ ઉદ્યોગનગર ઍસોસિયેશન તેમ જ વીવીસી બૅંકના હોદ્દેદારોએ ટેકો જાહેર કરીને વિજયી બનાવવા સભાસદોને જાહેર અપીલ કરી હતી. સીવીએમના અધ્યક્ષપદે ફરીને ચૂંટાયેલા ડૉ.સી.એલ.પટેલે તેમના ભણી ભાવ દર્શાવનાર તમામનો જાહેર આભાર માન્યો હતો.

## એનવીપટેલ સાયન્સ કૉલેજ રનર્સ અપ

પ્રોગ્રેસીવ ગ્રુપ ઓફ કોલેજીસ દ્વારા તાજેતરમાં શાસ્ત્રી મેદાન, વલ્લભ વિદ્યાનગરમાં આયોજિત આંતરકોલેજ ખેલકૂદ રમતોત્સવમાં વિવિધ ૨૦ કૉલેજોના ૪૦૦ ખેલાડી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બહેનો વિભાગમાં ખેલકૂદની વિવિધ ૧૧ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

આ સમગ્ર રમતોત્સવમાં સ્પર્ધાના અંતે બહેનોના વિભાગમાં વલ્લભ વિદ્યાનગરની ચારુતર વિદ્યામંડળ સંચાલિત એનવી પટેલ સાયન્સ કૉલેજની બહેનોની ટીમ ૨૨ પોઈન્ટ્સ મેળવી રનર્સ અપ જાહેર થઈ છે. એન.વી. પટેલ સાયન્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ પ્રિયંકા મહેરા ૪૦૦ રીલે પ્રથમ સ્થાન અને ૨૦૦ મીટર તથા ૧૦૦ મીટરમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. કવિતા ટંડેલ ૪૦૦માં પ્રથમ સ્થાન ઊંચી કૂદમાં પ્રથમ સ્થાન તથા ૧૦૦ મીટરમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. શિવાની પટેલે ૪૦૦માં પ્રથમસ્થાન તથા ૧૦૦ મીટરમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. કૃષ્ણા પટેલે ૪૦૦માં પ્રથમસ્થાન પ્રાપ્ત કરેલ છે. રીતુ શાહે ૪૦૦ મીટરમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર રમતોત્સવમાં ગૌરવ સ્થાન (રનર્સ અપ) પ્રાપ્ત કરેલ છે. રમતોત્સવમાં ઉપસ્થિત સમારંભ પ્રમુખ અને ચારુતર વિદ્યામંડળ માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલના હસ્તે એન.વી. પટેલ સાયન્સ કૉલેજની વિદ્યાર્થીનીઓને રનર્સ અપ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ખેલકૂદ ક્ષેત્રે આ સિદ્ધિ મેળવવામાં કૉલેજના ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર ધર્મેશ પટેલે નોંધપાત્ર કામગીરી કરી હતી. એન.વી.પટેલ સાયન્સ કૉલેજના આચાર્ય ડૉ. બાસુદેબ બક્ષી સહિત કૉલેજ

॥ વિદ્યાવૃત્ત ॥

**સ્મેઇડ કૉલેજમાં આરોહણ ૨૦૧૫**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત શાન્તાબેન મનુભાઇ પટેલ સ્કૂલ ઑફ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓફ આર્કિટેક્ચર એન્ડ ઇન્ટિરિયર ડિઝાઇન કૉલેજ (સ્મેઇડ)માં 'આરોહણ ૨૦૧૫' શીર્ષક અંતર્ગત વાર્ષિકોત્સવની ઉજવણી થઇ હતી. મુખ્યમહેમાન પદે પ્રો. પદ્યુમન વ્યાસ (ડિરેક્ટર, એન.આઇ.ડી., અમદાવાદ) અતિથિ વિશેષ પદે આર્કિટેક્ટ બંકિમ દવે (ચીફ આર્કિટેક, રમણલાલ દવે એન્ડ સન્સ, સુરત) પ્રવીણભાઇ પટેલ (સંસ્થાના દાતાશ્રી), સમારોહના મુખ્ય સ્થાને ડૉ.સી.એલ. પટેલ (ચેરમેન, ચારુતર વિદ્યામંડળ) તથા પ્રો. પ્રદીપ પટેલ (માનદ નિયામકશ્રી, સ્મેઇડ), પ્રજ્ઞેશભાઇ પટેલ (પ્રમુખશ્રી, આણંદ નગરપાલિકા), શ્રી કે.ડી. પટેલ (ચરોતર એજ્યુકેશન, સોસાયટીના માનદ સેક્રેટરી) ચારુતર વિદ્યામંડળના મંત્રીઓ, સહમંત્રીઓ તથા ભગીની સંસ્થાના આચાર્યો આમંત્રીત મહેમાનો, વાલી મિત્રો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. એન્યુએલ ફેસ્ટ 'આરોહણ-૨૦૧૫'ના એક ભાગ રૂપે કૉલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કરેલા કામનું પ્રદર્શન 'આકૃતિ' (શૈક્ષણિક પ્રદર્શન) આર્કિટેક્ટ કમલ પટેલ (ચેરમેન, ત્રિપલ આઇડી, ચરોતર રિજનલ સેન્ટર), પ્રો. પ્રદીપ પટેલ, પ્રો. પ્રીતિ શાહ, પ્રો. અજીત પટેલના શુભ હસ્તે આકૃતિ (શૈક્ષણિક પ્રદર્શન), વાલીઓ તથા મહેમાનો માટે ખુલ્લું મુકાયું હતું. સંસ્થાના માનદ નિયામકશ્રી પ્રો. પ્રદીપ પટેલ તથા આચાર્ય પ્રો. પ્રીતિ શાહે આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન તથા સ્મેઇડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-'૧૫માં થયેલા શૈક્ષણિક કાર્યોની ઝાંખી કરાવી.

મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત પ્રો. પ્રદ્યુમ્ન વ્યાસ તથા અતિથિ વિશેષપદે ઉપસ્થિત આર્કિટેક્ટ બંકિમ દવેએ સંસ્થાની તૃતીય વર્ષની પ્રગતિને બિરદાવી હતી. તેમણે સંસ્થાના ઉપસ્થિત મહેમાનો, શિક્ષકગણ વિદ્યાર્થી મિત્રો દ્વારા સંસ્થા માટે થયેલી પ્રવૃત્તિઓને અનન્ય ગણી બિરદાવી હતી. કાર્યક્રમના પ્રમુખપદે ઉપસ્થિત ડૉ.સી.એલ. પટેલે વર્ષ દરમિયાન હાંસલ કરેલ વિવિધ સિદ્ધિઓ બદલ સંસ્થાના તમામ સભ્યોને અભિનંદન પાઠવ્યાં હતાં. એન્યુઅલ ફેસ્ટ આરોહણ-૨૦૧૫ના ભાગરૂપે વિદ્યાર્થીઓ દ્વારા બાંમ્બૂ વર્કશોપ, લેમ્પ શેડ વર્કશોપ, વરલી પેઇન્ટીંગ વર્કશોપ, કન્ટ્રક્શન વર્કશોપ, ગ્લાશ વર્કશોપ, વોલ પેઇન્ટીંગ વર્કશોપ જેવી વિવિધ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું, જેમાં દરેક વિદ્યાર્થીઓએ ઘણો ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. સ્મૅઇડ દ્વારા અનેરી શરૂઆત આર્કિટેક્ટ સીમા સોરગાન્વીના નેજા હેઠળ વાર્ષિક સામાયિક "The Edge"ને મહેમાનોએ ગર્વપૂર્વક પ્રસિદ્ધ કર્યું. જેમાં Light in Design વિષય અંતર્ગત આચાર્ય, શિક્ષણગણ, વિદ્યાર્થીઓ તથા શુભેચ્છકોના લેખોને આવરી લેવામાં આવ્યા હતા. કૉલેજનાં વિદ્યાર્થીઓને તેમનાં અનેરા શૈક્ષણિક કાર્યો બદલ સન્માનિત કરવામાં આવ્યાં. આ ઉપરાંત વિદ્યાર્થીઓની વિવિધ ક્ષેત્રોમાં મેળવેલી સિદ્ધિઓની પણ નોંધ લેવામાં આવી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ સંસ્થાના પરિસરને Sustainability થીમ આધારિત ખૂબ જ સુંદર રીતે સજાવ્યું હતું. અંતમાં સ્મૅઇડના પ્રતિનિધિ રૂપે આર્કિટેક્ટ દિવ્યા દેશપાંડે (સ્ટુડન્ટ કાઉન્સિલ કો-ઓર્ડિનેટર) દ્વારા આભારવિધિ કરવામાં આવી.

**સ્મેઇડ કોલેજની અનેરી સિદ્ધિ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત શાન્તાબેન મનુભાઇ પટેલ સ્કૂલ ઑફ સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ ઑફ આર્કિટેક્ચર ઍન્ડ ઇન્ટિરિયર ડિઝાઇન કૉલેજનાં વિદ્યાર્થીઓ 57th National Association of Students of Architecture NASA-2015(નેશનલ એસોસિએશન ઑફ સ્ટુડન્ટ ઓફ આર્કિટેક્ચર નાસા-૨૦૧૫)માં ભાગ લીધો. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ આચાર્યશ્રી પ્રો. પ્રીતિશાહ અને NASA-કૉ-ઓર્ડિનેટર આર્કિટેક્ટ જૅમિશ લાઠીયાના માર્ગદર્શન હેઠળ ISOLA Landscape કોમ્પિટિશનમાં ભાગ લીધો. તેમાં SMAID કૉલેજ ૧૫૦ નેશનલ કૉલેજોની કુલ ૧૮૨ એન્ટ્રી પૈકી 2nd Special Mentionથી નવાજિત થઇ. આ ઉપરાંત Ruebens Trophy, World Largest Painting Making Competition તથા અનેક On the Spot Eventમાં ભાગ લીધો. જે કૉલેજના ખૂબ જ ટૂંકા ગાળાના અનુભવ પ્રમાણે ગૌરવની વાત કહેવાય.

**સૅમકોમ કૉલેજમાં બિઝનેસ ક્વિઝ**

ચારુતર વિદ્યામંડળસંચાલિત સૅમકોમ કૉલેજ ખાતે બિઝનેસ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝ સ્પર્ધામાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એમાંથી દરેક વર્ગમાંથી ૨-૨ વિદ્યાર્થીઓની ૬ ટુકડીઓ પસંદ થવા પામી હતી. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને એમઇબીના શરદ બ્રહ્મભટ્ટ અને ચિરાગ વાઝા રહ્યા હતા, જ્યારે દ્વિતીય સ્થાને આઇટીએમના રાહુલ રાજપૂત અને અક્ષત પટેલ રહ્યા હતા. સ્પર્ધાના ક્વિઝ માસ્ટર તરીકે સ્ટેની ડૅવીસ (ટીવાયઆઇટીએમ) અને ભૂષણ પટેલે (એસવાયબીબીએ) સેવાઓ આપી હતી.

આચાર્યશ્રી ડૉ. નિખિલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ કૉ.ઓર્ડિનેટર ડૉ. નેહલ દોલતજાદા, ડૉ.યશસ્વી રાજપરા અને ડૉ. જયમીન ત્રિવેદીના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.



ચારુતર વિદ્યામંડળ સાથે ચરોતર એજ્યુકેશન સોસાયટી, શ્રી રામકૃષ્ણ સેવામંડળ અને સ્પેક શિક્ષણસંસ્થાઓએ મળીને યોજેલા યુવક મહોત્સવ ‘ઉડાન - ૨૦૧૫’નું ઉદ્‌ઘાટન આણંદ ટાઉન હોલ ખાતે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે કર્યું હતું. આ પ્રસંગે આણંદ પાલિકાપ્રમુખ શ્રી પ્રજ્ઞેશ પટેલ, શ્રી રામકૃષ્ણ સેવામંડળનાં મંત્રી શ્રીમતી જ્યોત્સનાબહેન પટેલ, સીવીએમના માનદમંત્રી પ્રિ.એસ.એમ.પટેલ સહિતના વિવિધ શિક્ષણસંસ્થાઓનાં હોદ્દેદારો, આચાર્યો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતાં. (ઈન્સેટમાં) ‘ઉડાન - ૨૦૧૫’ના સમાપન સમારોહની ઝલક.




ચારુતર વિદ્યામંડળસંચાલિત સીવીએમ કૉલેજ ઑફ ફાઈન આટર્સના ઉપક્રમે યોજાયેલી રાષ્ટ્રીયકક્ષાની ચિત્રસ્પર્ધા અને પ્રદર્શનનું ઉદ્‌ઘાટન દેશના જાણીતા ઉદેપુરનિવાસી ચિત્રકાર સુરેશ શર્મા અને સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના સાન્નિધ્યમાં યોજાયું હતું. આ પ્રસંગે સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, જાણીતા ચિત્રકાર શ્રી અજિત પટેલ, કૉલેજના આચાર્યશ્રી કનુ પટેલ અને સંયોજક શ્રી કૃષ્ણ પડિયા દશ્યમાન છે.

V-Vidyanagar 17 (3) March 2015 Postal Regd. No. AND/318/2015-17
Published on Saturday, 28.02.2015 No. of Pages 36 Including Cover RNI Regd. No. Guj/2009-11/5433
ISSN 0976 – 9809 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

INSPIRATION



Courtesy: CVM College of Fine Arts

Editor: Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)